| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ | ૧૭–૦૫–૨૦૧૭ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૭–૦૫–૨૦૧૭ |
| નિકાલ કર્યા તારીખ | ૨૦–૦૭–૨૦૧૮ |
| સ મ ય ગા ળો | વર્ષ માસ દિવસ |
| | ૦૧– ૦૨ – ૦૩ |

## મે. મહેસાણા જિલ્લાના સેશન્સ જજ સાહેબની અદાલત, મું. મહેસાણા.

**સેશન્સ કેસ નં.૪૯/૨૦૧૭**

**આંક:–૪૯**

**ફરીયાદી :–** **શ્રી સરકાર**

**વિરૂદ્ધ**

**આરોપી:–** **લુહારીયા રાણાભાઈ માલાભાઈ**
ઉ.વ.આ.૨૩, ધંધો–અભ્યાસ,
રહે.નાગલપુર, ભટીયાણી સોસાયટી,
તા.જી.મહેસાણા.

**ગુનો :– ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬, ૩૪૨, ૩૨૩, ૫૦૬(૨) મુજબ**

.................................................................................

ફરીયાદી તરફે :– વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે. જોષી

આરોપી તરફે :– વિ.વકીલશ્રી બી.સી.બારોટ

.................................................................................

## –:: હુ ક મ :: –

(૧)... ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત મુજબ આ કામે ફરીયાદી ભોગ બનનાર મહેસાણા મુકામે નાગલપુર કોલેજમાં અભ્યાસ કરતા હતા દરમ્યાન આરોપી સાથે પરિચય થયેલ અને ત્યારબાદ ભોગ બનનાર પોતે અંબાજી મુકામે અભ્યાસ માટે જતા રહેલા અને પ્રથમ સત્ર પુરૂ થતાં તેઓ પોતાના રહેણાંકના ઘરે મહેસાણા મુકામે આવેલ દરમ્યાન બનાવ તારીખ ૧૨–૦૧–૨૦૧૭ નારોજ કલાક ૧૪–૩૦ વાગ્યાના સુમારે મોજે મહેસાણા ટાઉનમાં રાધનપુર રોડ ઉપર ભોગ બનનારને સોસાયટીના નાકે મળવા બોલાવી આ કામના આરોપીએ ફરીયાદીને મિત્રતાના ઓથા હેઠળ સાથે લઈ જઈ ફરીયાદીની મરજી વિરૂધ્ધ લગ્ન નોંધણી કરાવી ફરીયાદી ભોગ બનનારને તારીખ ૧૨–૦૧–૨૦૧૭ થી તારીખ ૩૧–૦૧–૨૦૧૭ સુધી વિસનગર, ડાકોર, રાજકોટ, દીવ તથા અમદાવાદ વિગેરે અલગ અલગ જગ્યાએ લઈ જઈ ફરીયાદી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ અવાર નવાર તેમની સાથે બળજબરીથી શારીરીક સંબંધ બાંધી ફરીયાદી ભોગ બનનારને અમદાવાદ મુકામે એક મકાનમાં ગેરકાયદેસર ગોંધી રાખી,

મારઝુડ કરી તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કર્યાનો આક્ષેપ છે.

ઉપરોકત બનાવ અંગેની ફરીયાદ આ કામના ફરીયાદી ભોગ બનનારે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશને આપતાં પી.એસ.ઓ.એ તેમના રૂબરૂની ફરીયાદ લઈ મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં. ૨૦/૨૦૧૭ થી ઈ. પી. કો. કલમ ૩૭૬, ૩૪૨, ૩૨૩, ૫૦૬(૨) મુજબની દાખલ કરેલ તેમજ ગુનાની આગળની તપાસ સારૂ પી.એસ.આઈ.શ્રી એચ.આર. ગોસ્વામી, મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનનાઓ તરફ ડેપ્યુટ હુકમથી મોકલી આપેલ છે.

(૨)... સદર ગુનો દાખલ થતાં તપાસ કરનાર અધિકારીશ્રીએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ તેમજ પંચોની હાજરીમાં જરૂરી પંચનામાઓ કરેલ, જરૂરી મુદ્દામાલ કબજે કરેલ અને એફ.એસ.એલ.માં મોકલી આપેલ તેમજ તપાસ દરમ્યાન તબીબી સર્ટીફીકેટો તથા એફ.એસ.એલ. રીપોર્ટ મેળવી કામમાં સામેલ રાખેલ તેમજ તપાસના અંતે પુરતો પુરાવો મળતાં હાલના આરોપી વિરૂધ્ધ વિ. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી મહેસાણાની કોર્ટમાં ચાર્જસીટ કરેલ જે ક્રિ.કેસ નં.૨૫૧૪/૨૦૧૭ થી નોંધાયેલ અને ત્યારબાદ સદર કામે વિ. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી,મહેસાણાનાએ સદરહું કેસનો ગુનો સેશન્સ અદાલતથી ઈન્સાફી કાર્યવાહી થઈ શકે તેવો હોઈ, ઈન્સાફી કાર્યવાહી અર્થે સદરહું કામ ક્રિમી.પ્રો. કોડની કલમ–૨૦૯ મુજબ કમીટ કરવામાં આવતાં સેશન્સ કોર્ટમાં, સેશન્સ કેસ નં.

૪૯/૨૦૧૭ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ સદરહું સેશન્સ કેસ ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની કોર્ટમાં આવતાં અને મુદતે આરોપી હાજર રહેતાં આરોપીને કેસના કાગળો આપ્યા અંગે તેમજ વકીલશ્રી રોકયા અંગે પુરેપુરી ખાતરી કર્યા બાદ આરોપી વિરૂધ્ધ તારીખ ૧૦–૦૭–૨૦૧૭ નારોજ આંક–૮ થી તહોમતનામું ફરમાવેલું છે. જે તહોમતનામું આરોપીને વાંચી સંભળાવતાં આરોપી ગુનો કબુલ કરતા ન હોઈ ફરીયાદ પક્ષને સાક્ષી લાવવા સમય આપવામાં આવેલ છે.

(૩)... ફરીયાદ પક્ષ તરફથી આરોપી સામેનું તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## –: મૌખિક પુરાવો :–

| **અ.નં.** | **સાહેદનું નામ** | આંક |
|---|---|---|
| | **ડોકટર સાહેદ** | |
| ૧ | ડો.અક્ષય રામભાઈ પ્રજાપતિ (મેડીકલ ઓફીસર) | ૧૧ |
| ૨ | ડો.કેતકુમાર કનુભાઈ પટેલ (મેડીકલ ઓફીસર) | ૧૬ |
| | **ફરીયાદી તથા સાહેદો** | |
| ૩ | જોષી કિર્તીકુમાર માણેકલાલ (સાહેદ) | ૨૩ |
| ૪ | જોષી હસુમતીબેન કિર્તીકુમાર (સાહેદ) | ૨૫ |
| ૫ | ભોગ બનનાર (ફરીયાદી) | ૨૮ |
| | **પોલીસ સાહેદ** | |
| ૬ | ઝાલા ઈશ્વરસિંહ દલપતસિંહ (એ.એસ.આઈ.) | ૩૬ |
| ૭ | ગોસ્વામી હિરાગર રતનગીરી (પી.આઈ.) | ૪૧ |

## -: દસ્તાવેજી પુરાવો :-

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ભોગ બનનારનું મેડીકલ સર્ટીફીકેટ | ૧૨ |
| ૨ | ભોગ બનનારની મેડીકલ ચકાસણી માટેની યાદી | ૧૩ |
| ૩ | ભોગ બનનાર ગુમ થયા અંગેની અરજી | ૨૪ |
| ૪ | ભોગ બનનારની ફરીયાદ | ૩૧ |
| ૫ | ભોગ બનનારના કપડાં કબજે કર્યાનું પંચનામું | ૩૪ |
| ૬ | આરોપીના કપડાં કબજે કર્યાનું પંચનામું | ૩૫ |
| ૭ | ડેપ્યુટ હુકમ | ૩૭ |
| ૮ | ગુનો રજીસ્ટર કરવાનો રીપોર્ટ | ૩૮ |
| ૯ | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા અંગેનો રીપોર્ટ | ૪૨ |
| ૧૦ | મુદ્ધામાલ રવાનગી નોંધ | ૪૩ |
| ૧૧ | મુદ્ધામાલની પહોંચ | ૪૪ |
| ૧૨ | એફ.એસ.એલ.નો ફોર્વર્ડીંગ લેટર | ૪૫ |
| ૧૩ | એફ.એસ.એલ.નો બાયોલોજી વિભાગનો રીપોર્ટ | ૪૬ |
| ૧૪ | એફ.એસ.એલ.નો સીરોલોજી વિભાગનો રીપોર્ટ | ૪૭ |

(૪)... આ કામે વિ.એ.પી.પી.શ્રી તરફથી આંક-૪૮ થી પોતાનો મૌખિક તથા લેખિત પુરાવો પુરો થયેલો હોવાનું જાહેર કરતાં કોર્ટે ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આ આરોપીનો વધુ જવાબ નોંધેલ જેમાં આરોપીએ તેમના વિરૂધ્ધના તમામ પુરાવાને નકારેલ છે અને તેઓ નિર્દોષ છે, કંઈ જાણતા નથી અને તેમની વિરૂધ્ધ ખોટો કેસ કરેલ છે તેવો બચાવ લીધેલ છે.

તે સિવાય આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઈ સાહેદ તપાસેલ નથી.

(૫)... ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો પુરો થયા બાદ સરકારશ્રી તરફે **વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે. જોષી** તથા આરોપી તરફે **વિ.વકીલશ્રી બી.સી. બારોટની** દલીલો સાંભળવામાં આવેલ છે.

**ફરીયાદ પક્ષ તરફથી વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે. જોષીએ** ભારપુર્વક દલીલ કરતાં જણાવેલ છે કે, સદરહું કામે ફરીયાદ પક્ષ ધ્વારા કુલ ૭ સાહેદોને તપાસવામાં આવેલ છે જેમાં બે તબીબી સાહેદો, ભોગ બનનાર તેમજ અન્ય સાહેદો તથા પોલીસ સાહેદોનો પુરાવો મહત્વનો છે. આ કામે બચાવ પક્ષે ભોગ બનનાર તથા આરોપીના કપડાં કબજે કર્યાના અનુક્રમે આંક-૩૪ અને આંક-૩૫ ના પંચનામાઓને આંકે પાડવા સામે વાંધો ન હોઈ પુરાવામાં રજુ થયેલ છે.

આ કામે તટસ્થ સાહેદો એવા તબીબી અધિકારીઓ સમક્ષ ફરીયાદીએ હીસ્ટ્રી આપેલ છે તથા સદરહું હીસ્ટ્રીની વિગત તેમજ તબીબી અધિકારીશ્રીઓની સોગંદ ઉપરની જુબાનીથી ફરીયાદ પક્ષ તેનો કેસ સાબિત કરી શકેલ છે. ફરીયાદી પોતે ભોગ બનનાર છે અને સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ હકીકતોને સમર્થન કરેલ છે પરંતુ ત્યારબાદ કોઈ કારણોસર તેઓ બચાવ પક્ષની ઉલટ તપાસમાં ફરી ગયેલ છે પરંતુ ભોગ બનનારના પિતા અને માતાએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકર્તા પુરાવો આપેલ છે તેમજ પોલીસ સાહેદોના પુરાવાથી પણ ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થયેલ છે જેથી ફરીયાદ પક્ષ આરોપી સામેનો ગુનો પુરવાર કરી શકેલ હોઈ આરોપીને મહત્તમ સજા કરવા હુકમ કરવા માટે રજુઆત કરેલ છે.

(૬)... આરોપી તર્ફે વિ.વકીલ **શ્રી બી.સી.બારોટ** ધ્વારા તેમની દલીલમાં જણાવેલ છે કે, કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે ફરીયાદ પક્ષે તેનો કેસ નિઃશંકપણે યોગ્ય પુરાવો રજુ કરીને સાબિત કરવો જોઈએ અને જો ફરીયાદ પક્ષ તેનો કેસ નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર રહે છે. હાલના કેસમાં પણ ફરીયાદ પક્ષ તેનો કેસ નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ.

**આરોપી તર્ફે વિ.વકીલશ્રી બી.સી.બારોટે** વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ ફરીયાદી કે જે પોતે ભોગ બનનાર છે તેમનો પુરાવો ધ્યાને લેતાં તેઓના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળતુ નથી તેમજ અન્ય સાહેદોનો પુરાવો હીયર–સે પ્રકારનો છે જેથી ફરીયાદ પક્ષને સમર્થનકર્તા નથી. તબીબી પુરાવાથી પણ ભોગ બનનાર સાથે કોઈ ગુનાહીત કૃત્ય કરવામાં આવેલાનું પુરવાર થતું નથી તેમજ આ કામે જયારે ભોગ બનનારનો પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નહોઈ તેઓએ તબીબી અધિકારી રૂબરૂ તેમજ કોર્ટ રૂબરૂ નોંધાવેલ નિવેદનનું કાયદાકીય રીતે મહત્વ રહેતુ નથી. આ કામે ભોગ બનનારે જયુડી.મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ નોંધાવેલ ક્રિ. પ્રો. કોડની કલમ ૧૬૪ નું નિવેદન ધ્યાને લેતાં આરોપીએ કોઈ ગુનાહીત કૃત્ય કરેલ હોય તેવું સાબિત થતું નથી. જેથી સમગ્ર ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને લેતાં ફરીયાદી ભોગ બનનારની સાથે આ કામના આરોપીએ તેમની મરજી વિરૂધ્ધ કોઈ બદકામ કરેલ હોય કે તેમને માર મારેલ હોય કે તેમને ગોંધી રાખેલ હોય તેવી કોઈ જ હકીકત ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર સાબિત થતી

નથી જેથી ફરીયાદ પક્ષ તેમનો કેસ પુરવાર કરી શકેલ ન હોઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૭)... આ કામે બંને પક્ષે થયેલ રજુઆતો તેમજ લેખીત તથા મૌખિક પુરાવાને ધ્યાને લેતાં કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણયો માટે ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

(૧) ભોગ બનનારની ઉંમર શું?

(૨) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આરોપીએ બનાવ તારીખ ૧૨-૦૧-૨૦૧૭ નારોજ કલાક ૧૪-૩૦ વાગ્યાના સુમારે મોજે મહેસાણા ટાઉનમાં રાધનપુર રોડ ઉપર ભોગબનનારને સોસાયટીના નાકે મળવા બોલાવી મિત્રતાના ઓથા હેઠળ સાથે લઈ જઈ ફરીયાદીની મરજી વિરૂધ્ધ લગ્ન નોંધણી કરાવી ફરીયાદીને તારીખ ૧૨-૦૧-૨૦૧૭ થી તારીખ ૩૧-૦૧-૨૦૧૭ સુધી વિસનગર, ડાકોર, રાજકોટ, દીવ તથા અમદાવાદ અલગ અલગ જગ્યાએ લઈ જઈ ફરીયાદી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ અવાર નવાર તેમની સાથે બળજબરીથી શારીરીક સંબંધ બાંધી ફરીયાદી ભોગ બનનારને અમદાવાદ મુકામે એક મકાનમાં ગેરકાયદેસર ગાંધી રાખી,મારઝુડ કરી તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી **ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬, ૩૪૨, ૩૨૩, ૫૦૬(૨)** મુજબનો ગુનો કરેલ છે.?

(૩) શું હુકમ ?

(૮)... આ કામે રજુ થયેલ તમામ દસ્તાવેજો તથા તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાની તથા બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**<u>-: નિ ર્ણ યો :-</u>**

(૧) ૧૮ વર્ષ ૦૫ માસ ૦૭ દિવસ (પુખ્ત વય)

(૨) મુદ્દા નં. ૨ **ન કા રા ત્મ ક**

(૩) મુદ્દા નં. ૩ આખરી હુકમ મુજબ

(૯)... ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે.

**<u>-: કા ર ણો :-</u>**

**<u>મુદ્દા નં. ૧ અને ૨ સાથે.</u>**

(૧૦)... આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ તમામ પુરાવો ધ્યાને લેતાં હાલનો ફરીયાદવાળો બનાવ ફરીયાદી ભોગ બનનાર સાથે બનેલ છે અને તેઓએ હાલના આરોપી સામે સદર ગુનાની ફરીયાદ નોંધાવેલ છે. આ કામે ફરીયાદ હકીકત વંચાણે લેતાં બનાવ તારીખ ૧૨-૦૧-૨૦૧૭ ના કલાક ૧૪-૩૦ વાગ્યાના સુમારે ફરીયાદીને મિત્રતાના ઓથા હેઠળ સાથે લઈ જઈ ફરીયાદી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ લગ્નની નોંધણી કરાવી અલગ અલગ જગ્યાએ લઈ જઈ તેમની ઈચ્છા અને મરજી વિરૂધ્ધ શારીરીક સંબંધ બાંધેલાનો આક્ષેપ છે. ફરીયાદ પક્ષની સદરહું હકીકત અંગે આ કામે ફરીયાદીએ હાલના આરોપી સામે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવેલ છે તે ફરીયાદ આ કામે આંક-૩૧ થી રજુ થયેલ છે.

આ કામે સૌ પ્રથમ ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબનો આક્ષેપ પુરવાર કરવા સારૂ ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો ધ્યાને લઈએ તે પહેલા ભોગ બનનારની બનાવ સમયે ઉંમર કેટલી છે તે નકકી કરવાનું રહે છે. આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં ફરીયાદી ભોગ બનનારે પોતાની ફરીયાદમાં તેમની ઉંમર ૧૮ વર્ષ ૬ માસની હોવાનું જણાવેલ છે એ જ રીતે આંક–૧૨ ના સીવીલ હોસ્પીટલ મહેસાણાના કેસ પેપર્સમાં પણ તેમની ઉંમર ૧૮ વર્ષની હોવાનું જણાવેલ છે. વધુમાં ભોગ બનનારની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લઈએ તો તેઓએ તેમની જન્મ તારીખ ૦૫–૦૮–૧૯૯૮ ની હોવાનું જણાવેલ છે એટલે કે બનાવના દિવસે તેઓની ઉંમર ૧૮ વર્ષ અને ૦૫ માસ તથા ૦૭ દિવસ હોવાનું જણાઈ આવે છે તેમજ ફરીયાદ પક્ષનો પણ એવો કેસ નથી કે ભોગ બનનાર સગીર વયના હતા જેથી રજુ થયેલ હકીકતો ધ્યાને લેતાં બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષ ૦૫ માસ અને ૦૭ દિવસની હોવાનું એટલે કે બનાવ વખતે ભોગ બનનાર પુખ્ત વયના હોવાનું માનવાના પુરેપુરા સંજોગો છે જેથી **મુદ્દા નં. ૧** મુજબ ભોગ બનનારની ઉંમર પુખ્ત વયની ગણી તે મુજબ નિર્ણય કરવામાં આવે છે.

(૧૧)... ફરીયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરવા સારૂ આ કામે કુલ ૭ સાહેદોનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે જેમાં મેડીકલ ઓફીસરો, ફરીયાદી ભોગ બનનાર તથા અન્ય સાહેદો તેમજ પોલીસ સાહેદોનો પુરાવો મહત્વનો ગણી શકાય તેમજ જુદા જુદા દસ્તાવેજી પુરાવા પણ રજુ કરવામાં આવેલ છે જે તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ

ફરીયાદ પક્ષ તેમનો કેસ પુરવાર કરી શકેલ છે કે કેમ? તે અંગે હવે ચર્ચા કરવાની રહે છે. સદરહું કામે આરોપી સામેના આક્ષેપીત ગુના અંગેની કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈએ તો તે નીચે મુજબ છે.

(૧૨)... સદરહું કામે આરોપી વિરૂધ્ધ **ઈ. પી. કો. કલમ ૩૭૬** ના ગુના અંગેના તત્વો ધ્યાને લેતાં ઈ. પી. કો. કલમ ૩૭૬ શિક્ષાત્મક કલમ છે, તેની વ્યાખ્યા ઈ. પી. કો. કલમ ૩૭૫ માં પડે છે. જો કોઈ પુરૂષ નીચે વર્ણવેલા સંજોગો પૈકી કોઈપણ સંજોગોમાં કોઈ સ્ત્રી સાથે સંભોગ કરે તો તે બળાત્કારની વ્યાખ્યામાં આવી જાય છે.

૧. તેણીની ઈચ્છા વિરૂધ્ધ.

૨. તે સ્ત્રીની સંમતિ વિના

૩. તે સ્ત્રીને અથવા જે વ્યકિતમાં તેણીને રસ હોય તે કોઈપણ વ્યકિતને મૃત્યુ અથવા વ્યથાના ભયમાં મુકીને તેની સંમતિ મેળવવામાં આવી હોય ત્યારે તેણીની સંમતિથી.

૪. તે પુરૂષ એમ જાણતો હોય કે પોતે તે સ્ત્રીનો પતિ નથી અને પોતે સ્ત્રી જેની સાથે કાયદેસર રીતે પરણી હોય અથવા પરણી હોવાનું માનતી હોય એવો અન્ય પુરૂષ છે એમ માનીને તે સ્ત્રીએ સંમતિ આપી હોય ત્યારે, તેણીની સંમતિથી.

૫. મગજની અસ્થિરતાને અથવા નશાને કારણે અથવા તે પુરૂષ જાતે અથવા અન્ય વ્યકિત મારફત બેહોશ બનાવે તેવી અથવા અશુધ્ધ પદાર્થ આપવાને કારણે કોઈ સ્ત્રી જેના માટે તેણી સંમતિ આપે છે

તેના પ્રકાર અને પરિણામ સમજવાને અશક્તિમમાન હોય, ત્યારે તેણીની સંમતિથી.

**ઈ. પી. કો. કલમ ૩૭૫** ના ઝીણવટપુર્વક અભ્યાસ કરવામાં આવે તો ઈ. પી. કો. કલમ ૩૭૬ મુજબનો ગુનો કરેલ છે તે પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે નીચે મુજબની હકીકત નિઃશંકપણે પુરવાર કરવી પડે,

૧. આ કૃત્ય ભોગ બનનારની ઈચ્છા વિરૂધ્ધ થયેલ હોય.

૨. આ કૃત્ય ભોગ બનનારની સંમતિ વિના થયેલ હોય.

૩. તેણીની સંમતીથી જયારે તેણીની સંમતી તેણીને અથવા તેણીનું હિત હોય તેવી વ્યકિતના ઈજા અથવા મૃત્યુના ભય નીચે મેળવેલ હોય.

૪. તેણીની સંમતિથી જયારે પુરૂષ જાણતો હોય કે તે તેણીનો પતિ નથી અને તેણીની આપેલ સંમતિનું કારણ તે બીજો પુરૂષ જેની સાથે તેણીના કાયદેસરના લગ્ન થયાનું તેણી માનતી હોય.

૫. તેણીની સંમતિથી જયારે સંમતી આપતી વખતે અસ્થિર મગજ અથવા નશો અથવા તેણીને જાતે અથવા અન્ય મારફતે કોઈ નશાયુકત અગર મુર્છિત પદાર્થ કરનાર આપવામાં આવે જેથી તેણીએ આપેલ સંમતિનો અર્થ અને તેનું પરિણામ સમજી શકવા અશક્તિમાન હોય.

૬. તેણીની સંમતિ અથવા સંમતિ વિના જયારે તેણી ૧૬ વર્ષથી નાની ઉંમરની હોય.

૭. જયારે તેણી સંમતિ આપવા અસમર્થ હોય.

એટલે કે આરોપીને ઈ. પી. કો. કલમ ૩૭૬ મુજબના ગુના સબબ દોષીત ઠરેથી સાત વર્ષની મુદત કરતા ઓછી ન હોય પણ આજીવન કેદની અથવા દસ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

એજ રીતે સદરહું કામે આરોપી વિરૂધ્ધ **ઈ. પી. કો. કલમ ૩૪૨** મુજબના ગુનાનો આક્ષેપ છે તેની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં "" જે કોઈ વ્યકિત, બીજી કોઈ વ્યકિતને ગેરકાયદે અટકાયતમાં રાખે, તેને એક વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે"".

(૧૩).... આ કામે આરોપી સામેના આક્ષેપીત ગુના અંગેના આવશ્યક તત્વોને ધ્યાને લઈ ફરીયાદીની ફરીયાદ તથા તેમાં કરવામાં આવેલ આરોપી વિરૂધ્ધના આક્ષેપો ફરીયાદ પક્ષે સાબિત થાય છે કે કેમ? અને તે અંગે ફરીયાદ પક્ષ જરૂરી પુરાવા કે જે આધારે આરોપી સામેનો કેસ નિઃશંકપણે માની શકાય તેવો પુરાવો રજુ કરવામાં સફળ થયેલ છે કે કેમ? તે અંગે ચર્ચા કરવાની રહે છે અને તે અંગે ચર્ચા કરતા ફરીયાદ પક્ષે મહત્વના સાહેદ ખુદ ભોગ બનનાર ફરીયાદીનો પુરાવો સૌ પ્રથમ ધ્યાને લેવો જરૂરી જણાય છે.

(૧૪)... આ કામે ફરીયાદ પક્ષે **આંક-૨૮ થી ભોગ બનનારની** સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલ છે. આ સાહેદ પોતે બનાવના ભોગ બનનાર

તથા પોતે જ ફરીયાદી છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ સમયે હું મહેસાણા મુકામે મારા મમ્મી–પપ્પા સાથે રહેતી હતી. મારી જન્મ તારીખ ૦૫–૦૮–૧૯૯૮ ની છે. બનાવ તા. ૧૨–૦૧–૧૭ ના રોજ બનેલો. બનાવ તા. ૧૨–૦૧–૧૭ ના રોજ બપોરના બે વાગ્યે રાણાભાઈનો મારા ઉપર ફોન આવેલો અને તેણે મને ફોનમાં જણાવેલ કે, ''આપણે ભાગી જઈએ અને તું ડોકયુમેન્ટ લઈને આવજે'' અને હું મારા ઘરેથી બપોરે બે વાગ્યે મારા ડોકયુમેન્ટ, પાસપોર્ટ, માર્કશીટ, એલ.સી., આધાર કાર્ડ, પાનકાર્ડ લઈને હું મારી સોસાયટીના નાકે ગયેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,ગાડીમાં સંગીતાબેન જોષી,પ્રકાશભાઈ લુહારીયા,સુરજભાઈ લુહારીયા અને રાણાભાઈ લુહારીયા હાજર હતા. હું ગાડીમાં બેસી ગયેલી અને રાણાભાઈએ કહેલ કે, ''આપણે મેરેજ કરી લઈએ'' અને ત્યાંથી અમો બધા મહેસાણા કોર્ટમાં ગયેલા અને મહેસાણા કોર્ટમાં પેપર ઉપર સહી કરાવેલી અને તે પેપર્સ મેરેજના હતા.ત્યારબાદ ગણપતિદાદાનું મંદીર બંધ હોવાથી બહાર રાણાભાઈ સાથે મેં ફોટા પડાવેલા. અમે કાયદેસરની લગ્નવિધિથી કોઈ લગ્ન કરેલ ન હતા. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, ત્યારપછી અમો બધા સ્વીફટ ગાડીમાં વિસનગર બસ સ્ટેન્ડે ગયેલા ત્યારબાદ અમો બંને વિસનગર થી સાંજના આશરે સાતેક વાગ્યે એસ.ટી. બસમાં બેસી ગાંધીનગર અને ત્યાંથી પ્રાઈવેટ ગાડીમાં ડાકોર પહોંચેલા અને તે દીવસે રાત્રે આશરે બે વાગ્યાના સુમારે ડાકોર પહોંચેલા. અમે ડાકોરમાં કોઈ ગેસ્ટહાઉસમાં તા. ૧૭–૦૧–૧૭ સુધી રોકાયેલા અને રાણાભાઈએ ડાકોરમાં ગેસ્ટહાઉસમાં મારી સાથે અવાર–નવાર રેપ

કરેલો. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,અમે ડાકોરમાં હતા તે દરમ્યાન આશરે ૧૬ તારીખે પ્રકાશભાઈ લુહારીયા, સુરજભાઈ લુહારીયા તે એક્ષયુવી ગાડી લઈને આવેલા. તે લોકો રાણાભાઈને પૈસા આપવા માટે આવેલા. તા. ૧૬ મીએ પ્રકાશભાઈ આવેલા ત્યારે મેં પ્રકાશભાઈને વાત કરેલ કે, ''મારે ઘરે જવું છે'' અને તેઓએ કહેલ કે, ''અમે લોકો આવીએ છીએ'' પછી તે લોકો નીકળી ગયેલ હતા. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,ત્યારબાદ અમો તા. ૧૭–૦૧–૧૭ ના રોજ સવારના એસ.ટી. બસમાં રાજકોટ ગયેલા અને રાજકોટ થી સાંજના એસ.ટી. બસમાં દીવ ગયેલા અને દીવમાં અમો આશરે ચાર દીવસ કોઈ હોટલમાં રોકાયેલા અને તે દરમ્યાન રાણાભાઈએ મારી સાથે મારી ના પાડવા છતાં મારી મરજી વિરૂઘ્ધ બે થી ત્રણ વખત શારીરીક સંબંધ બાંધેલો. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, અમો દીવ હતાતે દરમ્યાન પ્રકાશભાઈ લુહારીયા, સુરજભાઈ લુહારીયા, વકીલ સંગીતાબેન જોષી પાટણવાળા તે રીતના અમોને મળવા સારૂ આવેલા હતા અને તે લોકોની સાથે એક્ષયુવી ગાડીમાં હું તથા રાણાભાઈ બેસીને અમદાવાદ ગયેલા અને તે લોકોએ અમને બંનેને અમદાવાદ ઉતારી દીઘેલા અને અમો અમદાવાદ થી એસ.ટી. બસમાં બેસી બંને જણા રાજસ્થાન ગયેલા.અમો રાજસ્થાન કોઈ હોટલમાં ત્રણ દીવસ રોકાયેલા અને ત્યાં પણ રાણાભાઈએ અવાર–નવાર મારી મરજી વિરૂઘ્ધ શારીરીક સંબંધ બાંધેલો. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, રાજસ્થાનમાં એસ.ટી. બસમાં બેસી અમો બંને જણા અમદાવાદ ગયેલા અને અમદાવાદ કોઈ જગ્યાએ એક મકાનમાં રાણાભાઈએ મને રાખેલી. ત્યાં અમો ચાર દીવસ રોકાયેલા તે દરમ્યાન રાણાભાઈને મેં વાત કરેલી કે, ''મારે ઘરે જવું

છે'' તો તેણે મને મારેલ હતી અને આ ચાર દીવસ દરમ્યાન પણ રાણાભાઈએ મારી ના પાડવા છતાં મારી મરજી વિરૂધ્ધ શારીરીક સંબંધ બાંધેલો અને આ ચાર દીવસ દરમ્યાન રાણાભાઈ બહાર જાય તો બહારથી લોક મારી મને ઘરમાં ગોંધી રાખી જતો હતો અને મારે ઘરે જવું હતું અને રાણાભાઈએ મને ખુબ મારેલું જેથી રાણાભાઈ બહાર ગયેલ તે દરમ્યાન તે મકાનમાં મેં મારી જાતે મારા હાથ ઉપર બ્લેડ મારી ચીરા કરેલા. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, અમદાવાદ જે મકાનમાં રાખેલ તે મકાનમાં હું તથા રાણાભાઈ બંને જ હતા. મેં હાથમાં બ્લેડ મારેલ હોવાથી રાણાભાઈ ગભરાઈ ગયેલા તેથી તા. ૩૧/૦૧/૧૭ ના રોજ મારો ભાઈ રાજ મને લેવા માટે અમદાવાદ રાત્રે આશરે દસેક વાગ્યે આવેલ અને ભાઈ તે વખતે એકલો હતો અને પછી હું મારા ભાઈ સાથે મારા ઘરે મહેસાણા મુકામે ગયેલી અને રાણાભાઈ તેમના ભાઈ સુરજભાઈની ગાડીમાં બેસીને ગયેલા. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, હું મારા ઘરે મહેસાણા આવેલી તે વખતે મારી માનસીક હાલત ઠીક ન હતી. ત્યારબાદ મેં સ્વસ્થ થતાં મારા મમ્મી – પપ્પા બધાને ત્રણ ચાર દીવસ પછી વાત કરેલી. ત્યારબાદ તા. ૦૬–૦૨–૧૭ ના રોજ મેં મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ રાણાભાઈ વિરૂધ્ધ નોંધાવેલી.મેં ઉપર જણાવેલ તમામ ડોકયુમેન્ટ રાણાભાઈ પાસે છે. પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કર્યા બાદ ચાર પાંચ દીવસ પછી મને મહેસાણા કોર્ટમાં નિવેદન લેવા સારૂ લઈ ગયેલા અને નામ. કોર્ટ રૂબરૂ મારૂ નિવેદન નોંધાવેલું. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,હું મહેસાણા કોર્ટમાં નિવેદન આપવા ગયેલી તે વખતે રાણાભાઈના પિતા માલાભાઈને મને સંભળાય તે રીતે જોરથી બોલીને જણાવેલ કે, ''ધ્યાન રાખજે નિવેદનમાં પેલી છોકરી

(એસીડ એટેક થયેલ )ની જે હાલત થઈ તેવી તારી થશે'' અને ત્યારબાદ હું નિવેદન આપવા સારૂ નામ. કોર્ટ રૂબરૂ ગયેલ અને તે વખતે ગભરાઈ ગયેલ હોઈ મેં રેપ બાબતે નામ. કોર્ટ રૂબરૂના નિવેદનમાં કંઈ જણાવેલ નહી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,મેં મારા સદરહુ નિવેદનમાં રેપની ઘટના સિવાયની બાકીની તમામ ઘટનાઓ સઘળી વિગતે સવિસ્તાર નામ. કોર્ટમાં જણાવેલ. મેં આપેલ નિવેદન હેઠળ મેં મારી સહી કરેલી. મને સી.આર.પી.સી. કલમ – ૧૬૪ હેઠળ મેં આપેલ નિવેદન બતાવવામાં આવે છે. જેમાં મારી સહી હું ઓળખું છું. જે નિવેદન આંક–૨૯ થી રજુ કરેલ છે.વધુમાં સદર સાહેદ જણાવે છે કે,મને નિશાની ૩/૪ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જે ફરીયાદ જોઈને જણાવું છું કે જે નીચે મારી સહી છે જે હું ઓળખું છું જે ફરીયાદ મારા લખાવ્યા મુજબની પોલીસે લખી લીધેલ જે ફરીયાદી આંક–૩૧ થી રજુ કરેલ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, ફરીયાદ આપ્યા બાદ સિવિલ હોસ્પિટલમાં મારી મેડીકલ સારવાર કરાવેલી અને ડોકટર રૂબરૂ મેં મારી હીસ્ટ્રી આપેલી. મેં પોલીસમાં મારા કપડા રજુ કરેલા. જે કપડા મને બતાવવામાં આવે તો તે હું ઓળખી શકું. જે કપડામાં ગ્રીન કલરનું ટોપ, લેગીઝ, બ્લેક નીકર અને બ્લેક બ્રા રજુ કરેલી. મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ થી ૪ ના કપડા બતાવવામાં આવે છે. જે જોઈને જણાવું છું કે આ તે જ કપડા છે જે મેં પોલીસમાં રજુ કરેલા. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, હું માનસીક રીતે અસ્વસ્થ હોઈ માનસીક રીતે થોડી સ્વસ્થ થયા બાદ મેં પોલીસમાં આશરે પાંચેક દીવસ બાદ ફરીયાદ આપેલી.

**આ કામે સદરહું સાહેદ** કે જેઓ પોતે કેસના ફરીયાદી તેમજ ખુદ ભોગ બનનાર સાહેદ છે તેમની સોગંદ ઉપરની સરતપાસની ઉપરોકત હકીકતને ધ્યાનપુર્વક વંચાણે લેવામાં આવે તો તારીખ ૧૨-૦૧-૨૦૧૭ નારોજ બપોરના બે વાગ્યાના સુમારે આરોપીએ તેમને ફોન કરી બોલાવેલ છે અને તેઓ તેમની સાથે તેમના ડોક્યુમેન્ટ જેવા કે પાસપોર્ટ, માર્કશીટ, એસ.સી. આધાર કાર્ડ તથા પાનકાર્ડ વિગેરે લઈને આરોપી સાથે સ્વીફ્ટ ગાડીમાં ગયેલ છે અને તે ગાડીમાં સંગીતાબેન જોષી, પ્રકાશભાઈ લુહારીયા, સુરજભાઈ લુહારીયા અને રાણાભાઈ લુહારીયા બેઠા હતા અને તેઓની સાથે ભોગ બનનાર ગયેલ છે અને મહેસાણા કોર્ટમાં જઈ મેરેજના પેપર્સ ઉપર સહીઓ કરેલ છે અને ત્યારબાદ મહેસાણા મુકામે આવેલ ગણપતિદાદાના મંદિરે ફોટા પડાવેલ છે અને ત્યારબાદ તેઓ આ કામના આરોપી સાથે અલગ અલગ જગ્યાએ રહેલાની હકીકત જણાવેલ છે. વધુમાં તેઓએ કોર્ટ સમક્ષ જે ક્રિ. પ્રો. કોડની કલમ ૧૬૪ મુજબનું નિવેદન લખાવેલ છે તે આ કામે આંક-૨૯ થી રજુ થયેલ છે તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. એટલે કે આ કામે જયારે ભોગ બનનારે આ કામના આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલ છે ત્યારબાદ તેઓને જયુડી. મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ ક્રિ. પ્રો. કોડની કલમ ૧૬૪ મુજબનું નિવેદન લેવા માટે લઈ જવામાં આવેલ છે ત્યારે તેઓએ તેમની સ્વૈચ્છાએ નિવેદન લખાવેલ છે જેમાં તેઓએ આ કામના આરોપી તેઓને તેમની મરજી વિરૂધ્ધ લઈ ગયેલ હોય અથવા તો આરોપીએ કોઈ ગુનાહીત કૃત્ય કરેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. એટલે કે આ કામે સદરહું સાહેદની સોગંદ ઉપરની સરતપાસની ઉપરોકત હકીકત ધ્યાને લેવામાં આવે તો આ કામના

આરોપી સાથે ભોગ બનનાર પોતાની સ્વૈચ્છાએ ગયેલ હોવાની હકીકત જણાઈ આવે છે જો કે તેઓએ પોતાની સરતપાસમાં આ કામના આરોપી દ્વારા તેમની સાથે અવાર નવાર તેમની મરજી વિરૂધ્ધ તેમની સાથે બળજબરી કરેલાની હકીકત પણ લખાવેલ છે. પરંતુ આ કામે ત્યારબાદ **સદરહું સાહેદની બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ** ધ્યાને લેતાં તેઓએ સ્વીકારેલ છે કે, તા.૧૩–૦૨–૧૭ ના રોજ પોલીસ મારો જવાબ લેવા માટે કોર્ટમાં લઈ ગયેલ તે વખતે મારા પિતા નીચે હાજર હતા. મારા મમ્મી હાજર ન હતા. તે વાત ખરી છે કે કોર્ટમાં સાહેબે નિવેદન નોંધતા પહેલાં મારી પુછપરછ કરેલી અને પુછેલ કે, ''તમે સ્વસ્થ છો ?'' તે વાત ખરી છે કે સાહેબે મને સમજી વિચારીને જવાબ આપવા માટે જણાવેલું. નિવેદન નોંધતા પહેલાં જજ સાહેબે મને પાંચ મીનીટ સ્વસ્થ થવા માટે સમય આપેલો. તે વાત ખરી છે કે જજ સાહેબે જણાવેલ કે, ''કોઈનાથી ડર્યા ગભરાયા વગર તારી મરજીથી નિવેદન નોંધાવજે'' મારૂ જજ સાહેબે નિવેદન નોંધ્યું ત્યારે મારા અને જજ સાહેબ સિવાય અન્ય કોઈ વ્યકિત હાજર ન હતા. જજ સાહેબે મારૂ નામ, ઉંમર અને મારા વિષેની વિગતો પુછેલી. તે વાત ખરી છે કે જજ સાહેબે મને નિવેદન લખાવવું ફરજીયાત નથી અને સમજી વિચારીને નિવેદન લખાવવાનું કહેતાં મેં નિવેદન લખાવવાનું શરૂ કરેલું. જજ સાહેબે સોગંદ વિષે પુછેલ અને મારૂ નિવેદન લખાવવાનું શરૂ કરેલું. તે વાત ખરી છે કે મેં મારા જજ સાહેબ રૂબરૂના નિવેદન માં એવું લખાવેલ છે કે,''હું એકવર્ષ પહેલાં નાગલપુર કોલેજમાં ભણતી હતી ત્યાં અમારી કોલેજ માં એલ.એલ.બી. વિભાગમાં એક છોકરો જેનું નામ લુહારીયા રાણા માલભાઈ હતું તે ભણતો હતો.

અમારા વચ્ચે ઓળખાણ થઈ અને ત્યારબાદ અમે રીલેશનશીપમાં હતા. ત્યારબાદ બે મહીના પછી મારા ઘરમાં બધાને તેની ખબર પડી જતાં મારૂ ભણવાનું બંધ કરાવી દીધેલું. પછી મને અંબાજીની બી.સી.એ. કોલેજમાં ભણવા મુકેલી ત્યારે પણ મારા અને રાણા વચ્ચે કોન્ટેકટ ચાલુ હતા. અંબાજી એક સેમ પતી ગયા પછી હું મહેસાણા આવેલી એટલે મારી પાસે ફોન ન હતો એટલે રાણાએ મને ફોન આપેલો. ફોનમાં અમે વાત કરતા'' તેમજ ''અમે તા.૧૨-૦૧-૧૭ ના રોજ તેનો ફોન બપોરે અઢી વાગ્યે આવેલો અને તેણે મને કહેલ કે, ''મારી સાથે મેરેજ કરીશ?'' તો મેં ''હા'' પાડેલી'' તેમજ ''અમે દીવ મુકામે ગયેલા ત્યાં પણ અમે પાંચ દીવસ હોટલમાં રોકાયેલા આ દરમ્યાન મારા અને રાણા વચ્ચે કોઈપણ શારીરીક સંબંધ બંધાયેલ નથી અને અમે જયાં જયાં ફર્યા અને જયાં જયાં ગયેલા તે મારી મરજીથી ગયેલા. આ દરમ્યાન મારા ઘરેથી ભાગ્યાના ત્રણ દીવસ પછી મારા પપ્પાએ અપહરણની ફરીયાદ કરેલી જે મારા મહેસાણા આવ્યા પછી મને ખબર પડેલી.''

**એટલે કે આ સાહેદની ઉલટ તપાસની** ઉપરોકત હકીકત ધ્યાને લેતાં તેઓએ કોર્ટ રૂબરૂ ક્રિ. પ્રો. કોડની કલમ ૧૬૪ નું જે નિવેદન લખાવેલ છે તે નિવેદન તેઓએ સ્વૈચ્છાપુર્વકનું કોઈપણ જાતની ધાકધમકી કે દબાણ વગર લખાવેલ છે અને તેમાં તેઓ આરોપી સાથે તેમની મરજીથી ગયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે.

વધુમાં આ સાહેદની ઉલટ તપાસની હકીકત ધ્યાને લેતાં તેઓએ સ્વીકારેલ છે કે, હાલના કામના આરોપી સાથે અમારે ફકત મિત્રતાના સંબંધ હતા તે સિવાય અન્ય કોઈ સંબંધ ન હતા. તે વાત ખરી છે કે મેં

મારી સરતપાસના પેરા નં. (૬) માં જણાવેલ હકીકત જેવી કે, ''અમે ડાકોરમાં કોઈ ગેસ્ટહાઉસમાં તા. ૧૭–૦૧–૧૭ સુધી રોકાયેલા અને રાણાભાઈએ ડાકોરમાં ગેસ્ટહાઉસમાં મારી સાથે અવાર–નવાર રેપ કરેલો.તા. ૧૬ મીએ પ્રકાશભાઈ આવેલા ત્યારે મેં પ્રકાશભાઈને વાત કરેલ કે, ''મારે ઘરે જવું છે'' અને તેઓએ કહેલ કે, ''અમે લોકો આવીએ છીએ'' પછી તે લોકો નીકળી ગયેલ હતા'' જણાવેલી તે જે તે સમયે અમો માનસીક રીતે અસ્વસ્થ હતા તેથી શરતચુકથી લખાવેલ છે. વધુમાં તેઓ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, મારી સાથે કોઈ બદકામ થયેલ નથી તેમજ ઘરેથી ગયા ત્યારે અમારી સાથે બીજા મિત્રો અને તેમની પત્નિઓ સાથે હતી.તે વાત ખરી છે કે મેં મારી સરતપાસના પેરા નં.(૭)માં જણાવેલ હકીકત જેવી કે,''ત્યારબાદ અમો તા.૧૭–૦૧–૧૭ ના રોજ સવારના એસ.ટી. બસમાં રાજકોટ ગયેલા અને રાજકોટ થી સાંજના એસ.ટી. બસમાં દીવ ગયેલા અને દીવમાં અમો આશરે ચાર દીવસ કોઈ હોટલમાં રોકાયેલા અને તે દરમ્યાન રાણાભાઈએ મારી સાથે મારી ના પાડવા છતાં મારી મરજી વિરૂધ્ધ બેથી ત્રણ વખત શારીરીક સંબંધ બાંધેલો.અમો દીવ હતા તે દરમ્યાન પ્રકાશભાઈ લુહારીયા, સુરજભાઈ લુહારીયા, વકીલ સંગીતાબેન જોષી પાટણવાળા તે રીતના અમોને મળવા સારૂ આવેલા હતા અને તે લોકોની સાથે એક્ષયુવી ગાડીમાં હું તથા રાણાભાઈ બેસીને અમદાવાદ ગયેલા અને તે લોકોએ અમને બંનેને અમદાવાદ ઉતારી દીધેલા અને અમો અમદાવાદ થી એસ.ટી. બસમાં બેસી બંને જણા રાજસ્થાન ગયેલા. અમો રાજસ્થાન કોઈ હોટલમાં ત્રણ દીવસ રોકાયેલા અને ત્યાં પણ રાણાભાઈએ અવાર–નવાર મારી મરજી વિરૂધ્ધ શારીરીક સંબંધ બાંધેલો.રાજસ્થાનમાં એસ.ટી.બસમાં બેસી અમો બંને જણા અમદાવાદ

ગયેલા અને અમદાવાદ કોઈ જગ્યાએ એક મકાનમાં રાણાભાઈએ મને રાખેલી.ત્યાં અમો ચાર દીવસ રોકાયેલા અને તે દરમ્યાન રાણાભાઈને મેં વાત કરેલી કે, ''મારે ઘરે જવું છે'' તો તેણે મને મારેલ હતી. અને આ ચાર દીવસ દરમ્યાન પણ રાણાભાઈએ મારી ના પાડવા છતાં મારી મરજી વિરૂધ્ધ શારીરીક સંબંધ બાંધેલો અને આ ચાર દીવસ દરમ્યાન રાણાભાઈ બહાર જાય તો બહારથી લોક મારી મને ઘરમાં ગોંધી રાખી જતો હતો. અને મારે ઘરે જવું હતું અને રાણાભાઈએ મને ખુબ મારેલું જેથી રાણાભાઈ બહાર ગયેલ તે દરમ્યાન તે મકાનમાં મેં મારી જાતે મારા હાથ ઉપર બ્લેડ મારી ચીરા કરેલા'' જણાવેલી તે જે તે સમયે અમો માનસીક રીતે અસ્વસ્થ હોવાથી શરતચુકથી લખાવેલ છે. અમો અમારી મરજીથી જયાં પણ ગયા ત્યાં ગયા હતા. વધુમાં તેઓએ પોતાની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, મેં મારી સરતપાસના પેરા નં. (૧૨) માં જણાવેલ હકીકત જેવી કે,''હું મહેસાણા કોર્ટમાં નિવેદન આપવા ગયેલી તે વખતે રાણાભાઈના પિતા માલાભાઈને મને સંભળાય તે રીતે જોરથી બોલીને જણાવેલ કે, ''ધ્યાન રાખજે નિવેદનમાં પેલી છોકરી (એસીડ એટેક થયેલ તે) ની જે હાલત થઈ તેવી તારી થશે'' અને ત્યારબાદ હું નિવેદન આપવા સારૂ નામ. કોર્ટ રૂબરૂ ગયેલ અને તે વખતે ગભરાઈ ગયેલ હોઈ મેં રેપ બાબતે નામ. કોર્ટ રૂબરૂના નિવેદનમાં કંઈ જણાવેલ નહી'' જણાવેલી તે જે તે સમયે અમો માનસીક રીતે અસ્વસ્થ હોવાથી શરતચુકથી લખાવેલ છે.તે વાત ખરી છે કે અમો અમારી મરજીથી આરોપી સાથે અમારા મિત્રો સાથે ફરવા ગયેલા અને આ સમય દરમ્યાન હરીફરીને પરત આવેલા અને અમારી મરજી વિરૂધ્ધ આરોપીએ અમારી સાથે કોઈ બદકામ કરેલ નથી.

**એટલે કે આ સાહેદ કે જેઓ પોતે ભોગ બનનાર છે** અને તેઓએ આ કામના આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલ છે તેઓ પોતાની સરતપાસમાં તેઓને આરોપી ધ્વારા ભાગી જવાનું કહેતાં તેઓ તેમના ઘરેથી પાસેપોર્ટ, માર્કશીટ, એલ.સી. આધારકાર્ડ, પાનકાર્ડ વિગેરે લઈ તેમની મરજીથી આરોપી સાથે ગયેલાની અને કોર્ટ મેરેજના પેપર્સમાં સહી કરેલાની તેમજ સાથે ફોટા પડાવેલાની તથા આરોપી સાથે અલગ અલગ જગ્યાએ ગયેલાની હકીકત જે જણાવેલ છે અને તે સમયગાળા દરમ્યાન એટલે કે તારીખ ૧૩–૦૧–૨૦૧૭ થી તારીખ ૩૧–૦૧–૨૦૧૭ સુધી તેઓએ અલગ અલગ વાહનોમાં બેસી મુસાફરી કરેલ છે અને તેઓને આરોપી બળજબરીથી તેમને ભગાડી લઈ આવેલ હોવાનું કે તેમની મરજી વિરૂધ્ધ કોઈ કૃત્ય આરોપી ધ્વારા કરવામાં આવેલ હોવાનું તેઓએ કોઈપણ જગ્યાએ કોઈને જણાવેલ નથી કે તે અંગે તેઓને પુરતી તક હોવા છતાં તેઓ આરોપી પાસેથી ભાગી ગયેલ નથી. વધુમાં આરોપી ધ્વારા તેમની સાથે તેમની મરજી વિરૂધ્ધ બળજબરી કરવામાં આવેલાની જે હકીકત સરતપાસમાં જણાવેલ છે તેને આ સાહેદે ઉલટ તપાસની ઉપરોકત હકીકત ધ્યાને લેતાં લેશમાત્ર સમર્થન કરેલ નથી અને તેઓ આરોપી સાથે તેમની મરજીથી ફરવા ગયેલા હોવાનું અને તેમની સાથે આરોપીએ કોઈ બળજબરી કરેલ નહી હોવાની હકીકત જણાવેલ છે તેમજ અગાઉ જે હકીકત સરતપાસમાં આરોપી વિરૂધ્ધ લખાવેલ તે જે તે સમયે તેઓ માનસીક રીતે અસ્વસ્થ હોઈ શરતચુકથી લખાવેલ હોવાનું જણાવેલ છે. જેથી આ સાહેદની ઉલટ તપાસની ઉપરોકત હકીકતોને ધ્યાને લેતાં આરોપી ધ્વારા કોઈ ગુનાહીત કૃત્ય કરવામાં આવેલ હોવાની હકીકતને

લેશમાત્ર સમર્થન મળતું નથી. ઉલટાનું હાલના ભોગ બનનાર તેમની મરજીથી આરોપી તેમજ બીજા મિત્રો તથા તેમની પત્નીઓ સાથે ફરવા ગયેલાની અને આ સમયગાળા દરમ્યાન હરીફરીને પરત આવેલા અને તેમની મરજી વિરૂધ્ધ આરોપીએ તેમની સાથે કોઈ બદકામ કરેલ નહી હોવાની સ્પષ્ટ હકીકત તેઓ જાહેર કરતા હોઈ તેમના પુરાવાથી આરોપીની ગુનાહીત કૃત્યમાં સંડોવણી રેકર્ડ ઉપર આવતી નથી. જેથી ફરીયાદ પક્ષે ઉપરોકત ફરીયાદી કે જેઓ પોતે ભોગ બનનાર છે તેમની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેતાં તેઓએ બનાવની ફરીયાદ આપેલ છે અને આરોપીએ તેમની સાથે બળબજરીથી તેમની ઈચ્છા વિરૂધ્ધ શારીરીક સંબંધ બાંધેલ હોવાની અને જાનથી મારી નાંખવાની ધમકી આપેલાની હકીકત જણાવેલ છે પરંતુ ત્યારબાદ બચાવ પક્ષે થયેલ ઉલટ તપાસની હકીકત ધ્યાને લેતાં તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને પોતાની સરતપાસ કરતાં તદન વિરોધાભાસી હકીકતો જણાવેલ છે જેથી આ કામના આરોપી તેમની મિત્રતા અને ઓળખાણનો લાભ લઈ તેમને ભગાડી લઈ જઈ તેમની મરજી વિરૂધ્ધ તેમની સાથે કોર્ટ મેરેજ કરી તેમને અલગ અલગ જગ્યાએ લઈ જઈ તેમની મરજી વિરૂધ્ધ તેમની સાથે શારીરીક સંબંધ બાંધેલાની હકીકતને સમર્થન મળતું નથી જેથી આ સાહેદની સરતપાસ તેમજ ઉલટ તપાસની હકીકત ધ્યાને લેતાં વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવતી હોઈ તેમના પુરાવાને ગ્રાહય રાખી શકાય તેમ નથી.

(૧૫)... ફરીયાદ પક્ષે ફરીયાદીની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેતાં તેમને મેડીકલ તપાસણી માટે સીવીલ હોસ્પીટલ, મહેસાણા લઈ જવામાં આવેલ જયાં તેમની મેડીકલ તપાસણી કરનાર **ડો. અક્ષય રામભાઈ પ્રજાપતિને** આ કામે **આંક – ૧૧ થી** તપાસેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું ગઈ તા. ૦૬/૦૨/૧૭ ના રોજ ટ્રોમા સેન્ટર ઉપર મારી ફરજ ઉપર હાજર હતો ત્યારે રાત્રે ૧૧:૩૦ વાગ્યે ભોગ બનનારને તપાસ અર્થે લાવેલા. તેણીએ આપેલ હીસ્ટ્રી મુજબ ''હું તા. ૧૨/૦૧/૧૭ ના રોજ લુહારીયા રાણાભાઈ જોડે મારા ઘરેથી મારી મરજીથી સ્વીફટ ગાડીમાં વિસનગર સુધી તે પહેલાં કોર્ટમાં ગયા હતા ત્યાં કોરા કાગળ પર સહી કરી પછી ગણપતિ મંદીરમાં ફોટા પડાવી વિસનગર, ડાકોર, દીવ, બરોડા અને અમદાવાદ કુલ ૨૦ દીવસ રહયા ત્યાંથી તા. ૩૧/૦૧/૧૭ ના રોજ પરત આવેલા. આ સમય દરમ્યાન ઘણીબધી વખત સમાગમ જબરદસ્તી કોન્ડોમનો ઉપયોગ કર્યા વગર કરતા હતા. છેલ્લે સમાગમ તા. ૩૧/૦૧/૧૭ ના રોજ કરેલ. મને ઘણી વખત મારતા હતા તથા અન્ય કોઈ વ્યકિત સાથે કયારેય સમાગમ કરેલ નથી.''તેવી હકીકત જણાવેલ. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, ભોગ બનનારની તપાસ પુર્ણકાલીન સ્ત્રી રોગ નિષ્ણાત ડો.એન.એ.બ્રહ્મભટ્ટ ધ્વારા કરવામાં આવેલ અને સીવીલ હોસ્પીટલ મહેસાણા ખાતે જરૂરી ટેસ્ટ કરાવવામાં આવેલ તેમજ શારીરીક તપાસણી બાદ જરૂરી નમુના લઈ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ જે અંગેનું મેડીકલ સર્ટીફીકેટ સાહેદે તેમના હસ્તાક્ષરમાં આપેલ જે આંક–૧૨ થી રજુ કરેલ છે તેમજ કેસ પેપર્સ સંયુકત આંક – ૧૫ થી રજુ કરેલ છે.

સદર મેડીકલ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં ભોગ બનનારે મેડીકલ ઓફીસર રૂબરૂની હીસ્ટ્રીમાં તેઓ આ કામના આરોપી સાથે તેમની મરજીથી ગયેલાની હીસ્ટ્રી લખાવેલ છે તેમજ આરોપી સાથે તેમણે કોર્ટમાં જઈ કોરા કાગળ ઉપર સહી કરી આરોપી સાથે ફોટા પડાવી તેમની સાથે અલગ અલગ જગ્યાએ ગયેલાની હકીકત જણાવેલ છે. એટલે કે આ કામે અગાઉ જે ભોગ બનનારના પુરાવાની ચર્ચા કરી તે મુજબ આ કામના ભોગ બનનાર તેમની મરજીથી હાલના આરોપી સાથે ગયેલાની હકીકતને સદરહું મેડીકલ ઓફીસરના પુરાવાથી એટલે કે તેમના રૂબરૂ લખાવેલ હીસ્ટ્રીથી પણ સમર્થન મળે છે. જો કે તેઓએ હીસ્ટ્રીમાં એ હકીકત પણ લખાવેલ છે કે, આ સમય દરમ્યાન ઘણીબધી વખત સમાગમ જબરજસ્તી કોન્ડોમનો ઉપયોગ કર્યા વગર કરતા હતા. છેલ્લે સમાગમ તારીખ ૩૧-૦૧-૨૦૧૭ નારોજ કરેલ. જો કે આ કામે તબીબી અધિકારીશ્રીની સરતપાસની હકીકત ધ્યાને લેતાં ભોગ બનનારની શારીરીક તપાસણી દરમ્યાન કોઈ ઈજાના નિશાન હોવાનું જણાઈ આવેલ નથી તેમજ પુર્ણકાલીન સ્ત્રી રોગ નિષ્ણાતના અભિપ્રાય મુજબ નજીકના સમયમાં બળજબરી સમાગમ કરેલ હોય તેવું જણાતું નથી તેવું પણ કબુલ કરેલ છે તેમજ જયારે ભોગ બનનારનો પોતાનો પુરાવો ધ્યાને લેતાં તેની સાથે કોઈ બળજબરી હાલના આરોપીએ કરેલ હોવાની હકીકતને સમર્થન મળતું ન હોય ત્યારે તબીબી અધિકારી રૂબરૂ જણાવેલ હીસ્ટ્રી કે જે સમર્થનકર્તા પુરાવા તરીકે જોઈ શકાય તેનું મહત્વ રહેતુ નથી.

(૧૬)... ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપીને મેડીકલ તપાસણી માટે સીવીલ હોસ્પીટલ મહેસાણા લઈ જવામાં આવેલ હતા જયાં તેમની મેડીકલ તપાસણી કરનાર **ડો.કેતકુમાર કનુભાઈ પટેલની આંક-૧૬ થી** સોગંદ ઉપર જુબાની લેવામાં આવેલ છે. આ સાહેદ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,તા.૦૮/૦૨/૧૭ નારોજ સિવિલ હોસ્પિટલ, મહેસાણા ખાતે ફરજ દરમ્યાન આરોપીને તપાસણી અર્થે તેમની સમક્ષ લાવતાં હીસ્ટ્રીમાં જણાવેલ કે''હું ભોગ બનનારને છેલ્લા એક વર્ષથી ઓળખું છું. હું એને રાધનપુર રોડ ઉપરથી રીક્ષામાં તા.૧૨/૦૧/૧૭ ના રોજ લઈ ગયો હતો પછી તા.૩૧/૦૧/૧૭ ના રોજ રાત્રે ૦૧: ૦૦ વાગ્યા જેવું તેના મોટા ભાઈ રાજ જોષીને સમજુતી કરાર કરીને પાછી આપી દીધેલી. આ સમયગાળા દરમ્યાન તેણીની જોડે કોઈપણ જાતનો સંભોગ કરેલ નથી. પહેલાં પણ ભોગ બનનાર જોડે સંભોગ કરેલ નહી. આશરે દોઢ વર્ષ પહેલાં એક છોકરી જોડે સંભોગ કર્યો હતો.'' વધુમાં સાહેદ જણાવે છે કે, આરોપીની જરૂરી મેડીકલ ચકાસણી કરેલ અને મેડીકલ ચકાસણી દરમ્યાન જરૂરી નમુના લીધેલ તેમજ આ અંગેનું મેડીકલ સર્ટીફીકેટ તેમણે તેમના હસ્તાક્ષરમાં આપેલ જે આંક-૧૭ થી તેમજ કેસ પેપર્સ આંક - ૨૦ થી રજુ કરેલ છે.

આ સાહેદની **આરોપી તર્ફે વિ.વકીલશ્રી બી. સી. બારોટ** દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં સાહેદે જણાવેલ છે કે, તે વાત ખરી છે કે, આરોપીએ મારી સમક્ષ હીસ્ટ્રી આપી ત્યારે મેં આરોપીને જણાવેલ કે, ''આ હીસ્ટ્રીનું લખાણ ભવિષ્યમાં તમારી વિરૂધ્ધ જઈ શકે તેમ છે'' પરંતુ આ હકીકતની મેં હીસ્ટ્રીમાં નોંધ કરેલ નથી. સદરહુ

હકીકતની નોંધ હીસ્ટ્રીમાં નહી નોંધવા અંગેનું કોઈ કારણ નથી. અમો દરેક પેશન્ટને મૌખિક રીતે જ સમજાવીએ છીએ. તે વાત ખરી નથી કે મેં દર્દીને હીસ્ટ્રીનું લખાણ ભવિષ્યમાં તેની વિરૂધ્ધમાં જઈ શકે તેમ છે તેવું સમજાવેલ ન હોવા છતાં મારા બચાવમાં ખોટી હકીકત જણાવું છું. તે વાત ખરી છે કે અમોએ સર્ટીફીકેટમાં એવું નોંધેલ છે કે, ''હું ડોકટર સાહેબને મારી હીસ્ટ્રી તેમજ આંતરીક તેમજ બાહય તપાસ કરવા સારૂ મંજુરી આપું છું''. અમોએ તહોમતદારના શરીર ઉપરથી ચકાસણી કરી તે દીવસે એટલે કે તા.૦૮/૦૨/૧૭ નારોજ નમુનાઓ ૧૧:૦૦ થી ૧૨:૦૦ ના સમયગાળામાં લીધેલા.અમારી પાસેથી સદરહુ નમુના પોલીસે તારીખ ૧૩/૦૨/૧૭ ના રોજ એટલે કે પાંચ દીવસ પછી મેળવેલ છે. આ પાંચ દીવસના સમયગાળા દરમ્યાન આ નમુનાઓ મારી કસ્ટડીમાં હતા પરંતુ આ નમુના મારી કસ્ટડીમાં હતા તે દર્શાવવા માટે રેકર્ડ ઉપર કયાંય નોંધ કરેલ નથી. અમોએ નમુનામાં જે સીમેન કલેકટ કરેલ હતું તે તહોમતદાર પાસેથી ઈજેકટ કરેલું સીમેન હતું.

સદર મેડીકલ ઓફીસરનો પુરાવો ધ્યાને લેતાં આરોપીની મેડીકલ ચકાસણી દરમ્યાન તેઓએ હીસ્ટ્રીમાં આ કામના ભોગ બનનારને રીક્ષામાં લઈ ગયેલાની હકીકત જણાવે છે જયારે ફરીયાદીએ પોતાની ફરીયાદમાં આરોપી સ્વીફટ ગાડી લઈને આવેલાની હકીકત જણાવેલ છે. વધુમાં હીસ્ટ્રીમાં ભોગ બનનારની સાથે કોઈ ગુનાહીત કૃત્ય કરેલાની કોઈ વિગત આપેલ નથી. વધુમાં આ કામે આ તબીબી અધિકારીએ પણ તેમની સરતપાસમાં દર્દીના શરીરના બાહ્ય તથા ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન જોવા મળેલ નહી તેવી હકીકત જણાવેલ છે અને જયારે ભોગ બનનારે

પણ તેમના પુરાવામાં તેમની સાથે આરોપીએ કોઈ બળજબરી કરેલ હોવાની હકીકતને સમર્થન કરેલ ન હોય ત્યારે તબીબી અધિકારીના ઉપરોકત પુરાવાથી પણ આરોપીની ગુનાહીત કૃત્યમાં સંડોવણી સાબિત માની શકાય તેમ નથી.

(૧૭)... ફરીયાદ પક્ષે ફરીયાદી ભોગ બનનાર તથા તબીબી અધિકારીશ્રીના પુરાવા સાથે ફરીયાદ પક્ષે રજુ થયેલ અન્ય પુરાવો પણ મહત્વનો હોઈ તે અંગે ચર્ચા કરીએ તો ફરીયાદ પક્ષે **આંક–૨૩ થી જોષી કિર્તીકુમાર માણેકલાલ** કે જેઓ ફરીયાદી ભોગ બનનારના પિતા થાય છે તેમની સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલ છે.આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,બનાવ તા.૧૨/૦૧/૧૭ નારોજ બનેલો. મારી દીકરી ભોગ બનનાર ઘરેથી ચારેક વાગ્યા ના સુમારે કોઈને કહ્યા વગર જતી રહેલી અને તે બાબતે મેં મારી દીકરી ગુમ થવા બાબતની જાણવાજોગ અરજી આપેલ હતી. અમે શોધખોળ કરતા હતા તે દરમ્યાન મહેસાણાથી સમાચાર મળેલા કે રાણા લુહારીયાના ત્યાં તપાસ કરો. રાણા લુહારીયાના ઘરે તપાસ કરતાં તેઓના ઘરેથી સમાચાર મળેલા કે રાણા લુહારીયા તેના ત્રણ ભાઈઓ સાથે નાસી ગયેલો છે. ત્યારબાદ તા.૩૧/૦૧/૧૭ નારોજ મારી દીકરી સાંજે સાત આઠ વાગ્યે અમદાવાદથી મળી આવેલી. વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ ભોગ બનનારે અમને કહેલ કે, ''રાણા લુહારીયા સાથે મારે ફ્રેન્ડશીપ હતી અને તેણે મને ફરવા જવાનું કહેલ અને મને બધી જગ્યાએ લઈ ગયેલા અને મને ઘરે પરત આવવા દેતો ન હતો. અમો બંને એકબીજાના મિત્ર હોઈ

અવાર–નવાર કોલેજમાં મળતા હતા અને રાણાએ મને કહેલ કે, ''મારે તને મળવું છે તુ તારી સોસાયટી આગળ આવ હું ત્યાં આવું છું'' તેમ કહેતાં હું ઘરેથી કોઈને કહયા વગર સોસાયટી આગળ ગયેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, તેમની દિકરી ભોગ બનનારે જણાવેલ કે, અમો બંને વિસનગરથી ગાંધીનગર ગયેલ અને ત્યાંથી એક પ્રાઈવેટ ગાડીમાં ડાકોર ગયેલા અને ડાકોરમાં એક ગેસ્ટ હાઉસમાં રોકાયેલા અને અમો ડાકોરથી રાજકોટ ગયેલા અને રાજકોટ થી સાંજના દીવ ગયેલા અને દીવમાં અમો ત્રણ દીવસ ગેસ્ટ હાઉસમાં રોકાયેલ તે વખતે મારી સાથે રાણાભાઈએ અવાર–નવાર મારી મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધેલો. વધુમાં સાહેદ જણાવે છે કે, તેમની દિકરી ભોગ બનનારે જણાવેલ કે,ચાર દીવસ બાદ અમો બંને જણા અમદાવાદ આવેલા અને અમદાવાદ કોઈ જગ્યાએ રાણાભાઈએ મને રાખેલી અને ત્યાં મકાન હોઈ આ રાણાભાઈ બહાર જાય ત્યારે બહારથી મકાનને લોક મારી મને ઘરમાં ગોંધી રાખી જતો રહેતો હતો દરમ્યાન મેં આ રાણાને ''મારે મારા ઘરે જવું છે'' તેવું જણાવતાં મારી સાથે મારઝુડ કરતો હતો તેમજ ''જો તારા ઘરે જવાનું નામ લઈશ તો તને જાનથી મારી નાખીશ'' તેવી ધમકીઓ પણ આપી મને ઘરે મોકલવાની ના પાડતાં મેં મારી જાતે મારા હાથ ઉપર બ્લેડ મારી ચીરા કરેલા. વધુમાં સાહેદ જણાવે છે કે, મારી દીકરી સાથે રાણાભાઈએ દુષ્કર્મ કરેલ હોઈ મારી દીકરીએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી.પોલીસે મારો જવાબ લીધેલો.મને નિશાની ૩/૩ બતાવવામાં આવે છે જે મારી દીકરી ગુમ થયા અંગે મહેસાણા તાલુકા

પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ અરજી આપેલી. જે નીચે મેં મારી સહી કરેલ છે જે આંક – ૨૪ થી રજુ છે.

આ સાહેદની બચાવ પક્ષે **વિ.વકીલશ્રી બી.સી.બારોટ** દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે,તે વાત ખરી છે કે મારી દીકરી ઘરમાંથી સોનાનો દોરો અને તેના પહેરવાના કપડા સાથે લઈને ગયેલ હતી. તે વાત ખરી છે કે મારી દીકરી ચાર જોડી કપડાં, પાસપોર્ટ અને સર્ટીફીકેટસ(એજયુકેશનના) સાથે લઈને ગયેલી. મારી દીકરી નાગલપુર પાસે આવેલી કોલેજમાં બી.એસ.સી. નો અભ્યાસ કરતી હતી. મારી દીકરીએ હાલના કામના આરોપીને પ્રેમપત્રો લખેલા હોય અને મેં જોયેલા હોય તેવું બનેલ નથી.તે વાત ખરી છે કે મારી દીકરી પરત આવી ત્યારે પુછપરછ કરતાં તેણીએ જણાવેલ કે તે ગઈ તે દીવસે લગ્નના પેપર્સ ઉપર તેણીની સહી કરાવી લીધેલી. મારી દીકરીએ મારા, મારા પત્નિ અને દીકરાઓ વિરૂધ્ધ તા. ૨૫/૦૧/૧૭ ના રોજ પોલીસ સ્ટેશનમાં કોઈ ફરીયાદ કરેલ હોય તેવું મારા ધ્યાનમાં નથી.અમારી દીકરીની શોધખોળ કરવા માટે રાણાભાઈના ઘરે ગયેલ હતા તે વખતે તેઓએ અમારા વિરૂધ્ધ મારામારી કરવા આવ્યા હતા તેવી ફરીયાદ આપેલી. મેં આજદીન સુધી મારી દીકરીએ રાણાભાઈ સાથે લગ્ન કરેલ હોય અને કુલહાર કરતા હોય તેવા તેમના ફોટોગ્રાફસનો આલ્બમ જોયેલ નથી. અમોએ આરોપી સાથે કોઈ પ્રકારનો સમજુતી કરાર કરેલ નથી. તે વાત ખરી નથી કે મારી દીકરીને રાણાભાઈ સાથે પ્રેમસંબંધ હતો અને તેઓએ એકબીજાની સંમતીથી પ્રેમલગ્ન કરેલ છે તે હકીકતથી હું માહિતગાર છું. તે વાત ખરી નથી કે લગ્ન બાદ મારી દીકરી અને આરોપી વચ્ચે જે કંઈપણ ડેવલોપમેન્ટ થયેલ તે બંનેની મરજી અને સંમતિથી થયેલ છે તે હકીકતથી

હું માહિતગાર છું. તે વાત ખરી નથી કે અમોએ અને અમારા સગાસંબંધીઓએ રાણાભાઈ અને તેઓના કુટુંબીજનો સાથે બેસીને સમાધાન કરીને સમજુતી કરાર લખ્યા બાદ અમારી દીકરીને ઘરે પરત લાવ્યા છીએ.અમારા અને આરોપીના ઘરવાળા વચ્ચે સામસામે ઘણીબધી ફરીયાદો થયેલાની વાત ખોટી છે.તે વાત ખરી નથી કે આરોપીએ અને મારી દીકરીએ કાયદેસર રીતે લગ્ન કરેલ હોવા છતાં પાછળથી તેમની ઉપર દબાણ લાવવા માટે મારી દીકરી પાસે ખોટી રીતે ફરીયાદ અપાવેલ છે. તે વાત ખરી નથી કે મારી દીકરીએ અમોને સાચી હકીકત જણાવેલ હોવા છતાં અમોએ અમારી દીકરી પાસે ખોટી સ્ટોરી દર્શાવતી ખોટી ફરીયાદ કરાવેલ છે.

(૧૮)... ફરીયાદ પક્ષે **આંક–૨૫ થી જોષી હસુમતીબેન કિર્તીકુમાર** કે જેઓ ફરીયાદી ભોગ બનનારના માતા થાય છે તેમની સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા. ૧૨/૦૧/૧૭ ના રોજ બનેલો. મારી દીકરી ભોગ બનનાર ઘરેથી ચારેક વાગ્યાના સુમારે કોઈને કહ્યા વગર જતી રહેલી અને તે બાબતે મારા પતિએ મારી દીકરી ગુમ થવા બાબતની જાણવાજોગ અરજી આપેલ હતી. અમારા ઘરનાએ શોધખોળ કરતા હતા તે દરમ્યાન મહેસાણા થી સમાચાર મળેલા કે રાણા લુહારીયાના ત્યાં તપાસ કરો જેથી મારા પતિએ રાણા લુહારીયાના ઘરે તપાસ કરતાં તેઓના ઘરેથી સમાચાર મળેલા કે રાણા લુહારીયા તેના ત્રણ ભાઈઓ સાથે નાસી ગયેલો છે. ત્યારબાદ તા. ૩૧/૦૧/૧૭ ના રોજ મારી દીકરી સાંજે સાત આઠ

વાગ્યે અમદાવાદથી મળી આવેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, ત્યારબાદ મારી ભોગ બનનારે અમને કહેલ કે, ''રાણા લુહારીયા સાથે મારે ફ્રેન્ડશીપ હતી અને તેણે મને ફરવા જવાનું કહેલ અને મને બધી જગ્યાએ લઈ ગયેલા અને મને ઘરે પરત આવવા દેતો ન હતો. અમો બંને એકબીજાના મિત્ર હોઈ અવાર-નવાર કોલેજમાં મળતા હતા અને રાણાએ મને કહેલ કે, ''મારે તને મળવું છે તુ તારી સોસાયટી આગળ આવ હું ત્યાં આવું છું'' તેમ કહેતાં હું ઘરેથી કોઈને કહયા વગર સોસાયટી આગળ ગયેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, તેમની દિકરી ભોગ બનનારે જણાવેલ કે,અમો બંને વિસનગરથી ગાંધીનગર ગયેલ અને ત્યાંથી એક પ્રાઈવેટ ગાડીમાં ડાકોર ગયેલા અને ડાકોરમાં એક ગેસ્ટ હાઉસમાં રોકાયેલા અને અમો ડાકોરથી રાજકોટ ગયેલા અને રાજકોટ થી સાંજના દીવ ગયેલા અને દીવમાં અમો ત્રણ દીવસ ગેસ્ટ હાઉસમાં રોકાયેલ તે વખતે મારી સાથે રાણાભાઈએ અવાર-નવાર મારી મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધેલો. વધુમાં સાહેદ જણાવે છે કે, તેમની દિકરી ભોગ બનનારે જણાવેલ કે, ચાર દીવસ બાદ અમો બંને જણા અમદાવાદ આવેલા અને અમદાવાદ કોઈ જગ્યાએ રાણાભાઈએ મને રાખેલી અને ત્યાં મકાન હોઈ આ રાણાભાઈ બહાર જાય ત્યારે બહારથી મકાનને લોક મારી મને ઘરમાં ગોંધી રાખી જતો રહેતો હતો. દરમ્યાન મેં આ રાણાને ''મારે મારા ઘરે જવું છે'' તેવું જણાવતાં મારી સાથે મારઝુડ કરતો હતો તેમજ ''જો તારા ઘરે જવાનું નામ લઈશ તો તને જાનથી મારી નાખીશ'' તેવી ધમકીઓ પણ આપી મને ઘરે મોકલવાની ના પાડતાં મેં મારી જાતે મારા હાથ ઉપર બ્લેડ મારી ચીરા કરેલા. વધુમાં સદર સાહેદ

જણાવે છે કે, મારી દીકરી સાથે રાણાભાઈએ દુષ્કર્મ કરેલ હોઈ મારી દીકરીએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી.

આ સાહેદની બચાવ પક્ષે **વિ.વકીલશ્રી બી.સી.બારોટ** દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં આ સાહેદ જણાવે છે કે, મારી દીકરી અમદાવાદથી મળેલી.મારીદીકરી ઘરેથી પાસપોર્ટ,લીવીંગ સર્ટીફીકેટ અને તેણે પહેરેલા દાગીના લઈને ગયેલ હતી.મારી દીકરીએ લગ્ન કરેલ હોવાની વાત આજદીન સુધી મને ખબર પડેલ નથી. મારી દીકરીએ અમારા વિરૂધ્ધ કોઈ પોલીસ ફરીયાદ પોલીસ સ્ટેશનમાં કરેલ હોય તેની અમને કોઈ માહિતી નથી. આજદીન સુધી અમોએ મારી દીકરીના લગ્ન થયા અંગેના કોઈ ફોટોગ્રાફસ જોયેલ નથી. આ બનાવ પહેલાં મારી દીકરીને આરોપી રાણાભાઈ સાથે ફ્રેન્ડશીપ અથવા તો પ્રેમસંબંધ હોવા બાબતેની અમોને કોઈ જાણ થયેલ નથી. મને તે વાતની પણ ખબર નથી કે મારી દીકરીને સમજુતી કરાર કરીને ઘરે લાવ્યા હતા કે કેમ ? મને તે વાતની ખબર નથી કે આરોપીએ મારી દીકરીને ફોન અપાવેલો હોય અને આ ફોન બનાવના બે વર્ષ પહેલાં ઘરમાં પકડાયેલો કે કેમ?. તે વાત ખરી નથી કે બનાવ સંબંધે હું સંપુર્ણ માહિતી ધરાવતી હોવા છતાં સોગંદ ઉપર ખોટી હકીકત જણાવું છું. અમોએ આરોપી સાથે કોઈ પ્રકારનો સમજુતી કરાર કરેલ નથી. તે વાત ખરી નથી કે મારી દીકરીને રાણાભાઈ સાથે પ્રેમસંબંધ હતો અને તેઓએ એકબીજાની સંમતીથી પ્રેમલગ્ન કરેલ છે તે હકીકતથી હું માહિતગાર છું. તે વાત ખરી નથી કે લગ્ન બાદ મારી દીકરી અને આરોપી વચ્ચે જે કંઈપણ ડેવલોપમેન્ટ થયેલ તે બંનેની મરજી અને સંમતિથી થયેલ છે તે હકીકતથી હું માહિતગાર છું. તે વાત ખરી નથી કે અમોએ અને અમારા સગાસંબંધીઓ એ રાણાભાઈ અને તેઓના

કુટુંબીજનો સાથે બેસીને સમાધાન કરીને સમજુતી કરાર લખ્યા બાદ અમારી દીકરીને ઘરે પરત લાવ્યા છીએ. તે વાત ખરી નથી કે આરોપીએ અને મારી દીકરીએ કાયદેસર રીતે લગ્ન કરેલ હોવા છતાં પાછળથી તેમની ઉપર દબાણ લાવવા માટે મારી દીકરી પાસે ખોટી રીતે ફરીયાદ અપાવેલ છે. તે વાત ખરી નથી કે મારી દીકરીએ અમોને સાચી હકીકત જણાવેલ હોવા છતાં અમોએ અમારી દીકરી પાસે ખોટી સ્ટોરી દર્શાવતી ખોટી ફરીયાદ કરાવેલ છે.

(૧૯)... આ કામે ઉપરોકત બંને સાહેદો અનુક્રમે આંક–૨૩ થી જોષી કિર્તીકુમાર માણેકલાલ કે જેઓ ભોગ બનનારના પિતા થાય છે તેમજ આંક–૨૫ થી જોષી હસુમતીબેન કિર્તીકુમાર કે જેઓ ભોગ બનનારના માતા થાય છે તેમનો પુરાવો ધ્યાને લઈએ તો તેઓ તેમની જુબાનીમાં ભોગ બનનારે આ કામના આરોપીએ તેમની સાથે બદકામ કરેલાની હકીકત જણાવેલાનું પોતાની સરતપાસમાં જણાવે છે પરંતુ બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસની હકીકત ધ્યાને લેતાં તેમની દિકરી બનાવના દિવસે ઘરેથી સોનાનો દોરો તેના પહેરવાના કપડા જેમાં ચાર જોડી કપડાં, પાસપોર્ટ તથા અભ્યાસના સર્ટીફીકેટો સાથે લઈને ગયેલાની હકીકત તેમજ ભોગ બનનાર પરત આવી ત્યારે પુછપરછ કરતાં તેણીએ બનાવના દિવસે લગ્નના પેપર્સ ઉપર સહી કરી લીધેલાની હકીકતને સ્વીકારેલ છે. એટલે કે આ સાહેદોની સરતપાસની હકીકત ધ્યાને લેતાં તેમને બનાવની હકીકત ખુદ ભોગ બનનારને જણાવેલ છે અને ત્યારબાદ તેઓને બનાવની જાણ થયેલ છે પરંતુ આ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબ ભોગ બનનારનો પુરાવો

નજર સમક્ષ રાખતાં ફરીયાદ પક્ષની હકીકતો તેમજ આરોપીની ગુનાહીત કૃત્યમાં સંડોવણી અંગેનો સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ ભોગ બનનારના પુરાવા મુજબ તેઓને આરોપી તેમની મરજી વિરૂધ્ધ ભગાડી લઈ ગયેલ હોય અને તેમની મરજી વિરૂધ્ધ લગ્નની નોંધણી કરાવી તેમને અલગ અલગ જગ્યાએ લઈ જઈ તેમની મરજી વિરૂધ્ધ શારીરીક સંબંધ કરેલ હોય તેવી કોઈ જ હકીકતને સમર્થન મળતું નથી ત્યારે આ સાહેદ કે જેઓને બનાવની જાણ ખુદ ફરીયાદી એટલે કે ભોગ બનનાર દ્વારા થયેલ છે ત્યારે તે હકીકત અંગે આ બંને સાહેદો કે જેઓ હીયર–સે સાક્ષી હોઈ તેમનો પુરાવો આધારભુત પુરાવો ગણી આરોપીને સજા કરી શકાય નહી.

(૨૦)... આ કામે ફરીયાદ પક્ષે પોલીસ સાહેદોનો પુરાવો રજુ થયેલ છે તે નજર સમક્ષ રાખીએ તો ફરીયાદ પક્ષે **આંક–૩૬ થી ઝાલા ઈશ્વરસિંહ દલપતસિંહ**ની સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,ગઈ તા. ૧૨/૦૧/૧૭ ના રોજ હું મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતો ત્યારે પી.એસ.ઓ. શ્રીએ જાણવાજોગ એન્ટ્રી નં. ૭/૧૭ ની તપાસ ગુમ થવા બાબતેની અમોને આપતાં જેમાં ગુમ થનાર ભોગ બનનારની તપાસ સંભાળી લઈ જરૂરી તપાસ કરેલ તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ . વધુમાં સદર સાહેદ જણાવે છે કે, ત્યારબાદ આ કામે તા. ૦૬/૦૨/૧૭ નારોજ આ ભોગ બનનાર પોલીસ સ્ટેશને આવી હાજર થતાં આ ભોગ બનનાર નું નિવેદન/ફરીયાદ લેતાં પોતે તા.૧૨/૦૧/૧૭

ના રોજ તેના પરીચીત મિત્ર રાણાભાઈ માલાભાઈ લુહારીયા સાથે કયાંક જતા રહેલ હતા. મહેસાણા થી આ લોકો ગાંધીનગર ત્યાંથી ડાકોર ગયેલા અને ગેસ્ટહાઉસમાં રોકાયેલા અને આ ભકિતબેન સાથે આ રાણાભાઈએ ભોગ બનનાર ને મરજી વિરૂઘ્ધ શરીરસંબંધ બાંધેલો. ત્યાંથી દીવ ગયેલા. દીવમાં ગેસ્ટાહાઉસમાં રોકાયેલા. ત્યાં પણ રાણાભાઈએ આ ભોગ બનનાર ની મરજી વિરૂઘ્ધ શરીરસંબંધ બાંધેલો. જે હકીકત આ ભોગ બનનાર લખાવતા હોઈ ફરીયાદ લખી લઈ પી.એસ.ઓ. શ્રી, મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ થવા આપતાં ગુનો રજીસ્ટર થઈ આગળની તપાસ પોલીસ ઈન્સ્પેકટરશ્રી,મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશન તરફ પી.એસ.ઓ. શ્રીએ લેખીત હુકમ સાથે કાગળો તેમને પરત કરેલા. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,મને નિશાની ૩/૧ બતાવવામાં આવે છે. જે સદર કામના ભોગ બનનારના પિતાએ ભોગ બનનાર ગુમ થયા અંગેની જાણવાજોગ અરજ આપેલ હોઈ જે મુજબ આગળની કાયદેસરની કાર્યવાહી કરવા સારૂનો રીપોર્ટ છે જે આંક–૩૭ થી રજુ કરેલ છે.વધુમાં સદર સાહેદ જણાવે છે કે, મને આંક–૩૧ વાળી ભોગ બનનારે આપેલ અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જે ફરીયાદ હેઠળ ભોગ બનનારે પોતાની સહી કરેલ છે અને રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખું છું. જે ફરીયાદ ભોગ બનનારના લખાવ્યા મુજબની મેં લખી લીધેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, ફરીયાદ મુજબ મહેસાણા તાલુકા પોલી સ્ટેશન ફ.ગુ.ર. નં. ૨૦/૧૭ ઈ.પી.કો. કલમ–૩૭૬, ૩૪૩, ૩૨૩, ૫૦૬ (૨) મુજબનો ગુનો સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૨૬/૧૭ થી રજીસ્ટર કરી આગળની તપાસ થવા સારૂ મોકલી આપેલ જે રીપોર્ટ સદર કામે આંક–૩૮

થી તથા ભોગ બનનારની ફરીયાદ લઈ જે મુજબનો ગુનો નોંધી આગળની તપાસ સારૂ કાર્યવાહી કરવા માટે રીપોર્ટ કરેલ જે રીપોર્ટ આંક – ૩૯ થી રજુ કરેલ છે.

આ કામે સદર સાહેદની **આરોપી તર્ફે વિ.વકીલશ્રી બી.સી.બારોટ** દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે,તે વાત ખરી છે કે, અમોએ લેખીત ફરીયાદ લીધેલ છે તે સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી.

આમ આ સાહેદની જુબાની ઘ્યાને લેતાં તેઓએ ફરીયાદીની તેમના રૂબરૂની ફરીયાદ નોંધી ગુનાની આગળની તપાસ ડેપ્યુટ કરેલાની હકીકત નીકળી આવે છે તે સિવાય આ સાહેદે અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૨૧)... આ કામે ફરીયાદ પક્ષે **આંક–૪૧ થી ગોસ્વામી હિરાગર રતનગીરી** કે જેઓ ગુનાની તપાસ કરનાર અમલદાર છે અને સદર ગુનાનું ચાર્જસીટ કરેલ છે. તેઓની સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું ગઈ તા. ૦૬/૦૨/૧૭ ના રોજ મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં થાણા ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન પી.એસ.ઓ. શ્રી અરવિંદભાઈ જીણાભાઈનાઓએ સદર ગુનાની ફરીયાદ દાખલ કરી આગળની તપાસ અમારી તરફ કરતાં અમોએ તપાસ સંભાળી લીધેલી.ત્યારબાદ આ કામે ભોગ બનનાર ૩૭૬ ની હકીકત જણાવતા હોઈ ભોગ બનનારની મેડીકલ સારવાર કરાવવામાં આવેલી તથા જરૂરી નમુના લેવડાવવામાં આવેલા. ભોગ બનનારના કપડા કબજે કરી પંચો રૂબરૂ પંચનામું કરી

પરીક્ષણ માટે એફ.એસ.એલ. માં મોકલી આપવા તજવીજ કરવામાં આવેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, મારી તપાસમાં મેં આ કામના લાગતા વળગતા સાહેદોના નિવેદનો મેળવેલા. ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ – ૧૬૪ મુજબનું નિવેદન મેળવવા તજવીજ કરવામાં આવેલી. ત્યારબાદ આ કામના આરોપી લુહારીયા રાણાભાઈ માલાભાઈનાઓની શોધી કાઢવા તપાસ તજવીજ કરાવવામાં આવેલ. ત્યારબાદ આરોપી મળી આવતાં ગુનાના કામે અટક કરવામાં આવેલ.ત્યારબાદ આરોપીના કપડા કબજે કરી પંચો રૂબરૂ પંચનામું કરી એફ.એસ.એલ. પરીક્ષણ માટે એફ.એસ.એલ. માં મોકલી આપવા તજવીજ કરવામાં આવેલી.ત્યારબાદ યોગ્ય પોલીસ જાપ્તા સાથે આરોપીને મેડીકલ ચકાસણી માટે સીવીલ હોસ્પિટલ, મહેસાણા ખાતે મોકલી મેડીકલ ચકાસણી કરાવી જરૂરી નમુના લેવડાવવામાં આવેલા. ત્યારબાદ લીધેલ નમુનાઓ પરીક્ષણ માટે એફ.એસ.એલ. માં મોકલી આપવા તજવીજ કરવામાં આવેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, આરોપીના પોલીસ કસ્ટડી રીમાન્ડ મેળવવા તજવીજ કરવામાં આવેલી. નામ. કોર્ટ ધ્વારા રીમાન્ડ નામંજુર થતાં સમયમર્યાદામાં આરોપીને સબજેલ હવાલે કરવામાં આવેલ. ત્યારબાદ મેડીકલ ચકાસણીના સર્ટીફીકેટ મેળવવામાં આવેલા. આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોઈ ચાર્જશીટ કરવામાં આવેલું. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, મને આંક – ૩૪ અને આંક – ૩૫ બતાવવામાં આવે છે.જે ભોગ બનનાર તેમજ આરોપીના કપડાં કબજે કર્યા અંગેનું અસલ પંચનામું છે.જે પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખવામાં આવેલું અને પંચોએ મારા રૂબરૂમાં સહી કરેલી

અને રૂબરૂકર્તા તરીકે મેં મારી સહી કરેલી જે હું ઓળખું છું. વધુમાં સાહેદ જણાવે છે કે,મને નિશાની ૩/૧૧ બતાવવામાં આવે છે. જે આરોપીને અટક કર્યા અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા સારૂ રીપોર્ટ છે જે આંક-૪૨થી તથા આરોપી તેમજ ભોગ બનનારનું કપડા તેમજ મેડીકલ સારવાર દરમ્યાન કબજે કરવામાં આવેલ નમુના એફ.એસ.એલ., અમદાવાદ ખાતે મોકલવામાં આવેલ. જે મુદ્દામાલ રવાનગી નોંધની સ્થળપ્રત નકલ આંક-૪૩ થી તથા એફ.એસ.એલ. અમદાવાદના ઓએ આપેલ મુદ્દામાલ પહોંચ આંક-૪૪ થી તથા એફ.એસ.એલ. અમદાવાદનો ફોરવડીંગ લેટર, બાયોલોજીકલ પૃથ્થકરણ રીપોર્ટ તથા સીરોલોજી પૃથ્થકરણ પરીણામ દર્શાવતો રીપોર્ટ છે. જે અનુક્રમે આંક-૪૫ થી ૪૭ મુજબ રજુ થયેલ છે.

આ સાહેદની બચાવ પક્ષે **વિ.વકીલશ્રી બી.સી.બારોટે** ઉલટ તપાસ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તે વાત ખરી છે કે તપાસના કામે ફરીયાદીના ઘરની આજુબાજુના સાહેદોના નિવેદનો લીધેલા નથી.તે વાત ખરી નથી કે સાહેદોના નિવેદનો જાતે લખી લીધેલ છે. તે વાત ખરી નથી કે પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી રીતે ચાર્જશીટ કરેલ છે.

**આમ આ સાહેદની જુબાની ધ્યાને** લેતાં તેઓએ તપાસ દરમ્યાન કરેલ કાર્યવાહી અંગેનો પુરાવો રજુ કરે છે. આ કામે આ સાહેદની બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસની હકીકત ધ્યાને લેતાં તેઓએ એ હકીકત કબુલ કરેલ છે કે, તપાસના કામે ફરીયાદીના ઘરની

આજુબાજુના સાહેદોના નિવેદનો લીધેલા નથી.વધુમાં સદર પોલીસ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ પોતાની ફરજ દરમ્યાન ફરીયાદીએ ફરીયાદ હકીકત જાહેર કરતાં તેમના રૂબરૂ ફરીયાદ નોંધી, ગુનો રજીસ્ટર કરાવેલાની અને ગુનાની તપાસ દરમ્યાન બનાવવાળી જગ્યાનું પંચો રૂબરૂ પંચનામું કરેલ, લાગતા વળગતા સાહેદોના જવાબો લીધેલ, આરોપીને અટક કરેલ, મુદ્દામાલ કબજે કરેલાની અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ ચાર્જસીટ કરેલાની હકીકત અંગેનો પુરાવો આપેલ છે તેમજ તેમની જુબાનીમાં જે ફરીયાદ પક્ષે જે સાહેદો ફરી ગયેલા છે તેઓના પણ તેઓએ જે નિવેદનો લીધેલ તે હકીકત રેકર્ડ ઉપર લાવવા પ્રયત્ન કરેલ છે. પરંતુ ક્રિ.પ્રો.કોડની કલમ ૧૬૧, ૧૬૨ ને ધ્યાને લેવામાં આવે તો તપાસ કરનાર અમલદારે જે નિવેદનો લીધેલ છે તે નિવેદનો રેકર્ડ ઉપર આવવાથી આરોપીને સજા કરી શકાય નહી. કારણ કે આરોપીને સજા કરવા માટે કોર્ટ રૂબરૂ પર્યાપ્ત પુરાવો રેકર્ડ ઉપર હોવો જરૂરી બની રહે છે. કારણ કે ક્રિ. પ્રો. કોડની કલમ ૧૬૧, ૧૬૨ ના નિવેદન જે રેકર્ડ કરવામાં આવેલ હોય તે માત્ર કોન્ટ્રાડીકશન ઓમીશન પુરતા ધ્યાને લઈ શકાય. એટલે કે જયારે કોર્ટ રૂબરૂ સાહેદોએ સોગંદ ઉપરની જુબાનીમાં જે પુરાવો આપેલ હોય તેને કોર્ટે કન્સીડર કરવો જરૂરી બની રહે તેમ હું માનું છું. આ કામે ફરીયાદ પક્ષે સાહેદોનો જે પુરાવો રજુ થયેલ છે તે ધ્યાને લેતાં ફરીયાદ પક્ષના મહત્વના સાહેદ ફરીયાદી તેમજ અન્ય સાહેદોના પુરાવામાં મહત્વનો વિરોધાભાસ ઉભો થયેલ છે તેમજ તેમના પુરાવાથી ફરીયાદ પક્ષની હકીકતો સાબિત માની શકાય તેટલો પુરાવો રેકર્ડ ઉપર જણાઈ

આવતો નહોઈ ઉપરોકત પોલીસ સાહેદોનો પુરાવો આરોપીની ગુનાહીત કૃત્યમાં સંડોવણી સાબિત માનવા માટે ધ્યાને લઈ શકાય તેમ નથી.

(૨૨)... ફરીયાદ પક્ષે રજુ થયેલ **એફ.એસ.એલ.નો** પુરાવો ધ્યાને લઈએ તો આ કામે તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ દરમ્યાન એકત્રીત થયેલ મુદ્ધામાલને એફ.એસ.એલ.માં તપાસણી સારૂ આંક–૭૩ થી રજુ થયેલ રવાનગી નોંધથી મોકલી આપેલ છે અને તે અંગેનો એફ.એસ.એલ.નો બાયોલોજી વિભાગનો રીપોર્ટ આંક–૭૫ થી તથા સીરોલોજી વિભાગનો રીપોર્ટ આંક–૭૬ થી રજુ થયેલ છે.

આ કામે આંક–૭૩ ની મુદ્ધામાલ રવાનગી નોંધથી એફ.એસ.એલ.અમદાવાદ ખાતે માર્ક–એ થી ભોગ બનનારનો ટોપ, માર્ક–બી થી લેગીઝ, માર્ક–સી થી નીકર, માર્ક– ડી થી બ્રા તથા આરોપીનો શર્ટ માર્ક–ઈ થી, માર્ક–એફ થી પેન્ટ, માર્ક–જી થી જાંગીયો તથા ભોગ બનનારના માર્ક–એચથી મેડીકલ નમુના તેમજ માર્ક–આઈથી આરોપીના મેડીકલ નમુના પરીક્ષણ સારૂ મોકલી આપવામાં આવેલ છે.

આ કામે એફ.એસ.એલ.ના આંક–૭૬ ના બાયોલોજી વિભાગના રીપોર્ટ મુજબ નમુના પાર્સલ માર્ક–એ ટોપ, માર્ક–બી, લેગીઝ, માર્ક–સી નીકર, માર્ક–ડી બ્રા, માર્ક–ઈ શર્ટ, માર્ક–એફ પેન્ટ તથા માર્ક–જી જાંગીયા ઉપર રૂધિર, વિર્ય, લાળ, વાળ મળી શકેલ ન હતા તેમજ માર્ક–એચ.૧ સલાઈવા જે લાળ તરીકે ઓળખાયેલ હતુ તેમજ એચ.૨–નેઈલ, એચ.૩–પ્યુબીક હેર ઉપર રૂધિર, વિર્ય મળી શકેલ ન હતુ એજ રીતે

એચ.૪–બ્લડ(ઈડીટીએ) તથા એચ.૫–બ્લડ(પ્લેઈન) જે રૂધિર તરીકે ઓળખાયેલ હતુ તેમજ આરોપીની મેડીકલ તપાસણી દરમ્યાન કબજે કરવામાં આવેલ નમુના પૈકી આઈ.૧–બ્લડ જે રૂધિર તરીકે ઓળખાયેલ હતુ અને આઈ.૨–પ્યુબીક હેર જેમાં રૂધિર, વિર્ય મળી શકેલ નહતું તેમજ આઈ.૩–સલાઈવા જે લાળ તરીકે ઓળખાયેલ હતુ અને આઈ.૪–સીમેન જે માનવ વિર્ય તરીકે ઓળખાયેલ હતુ અને માર્ક આઈ.૫ બ્લડ જે રૂધિર તરીકે ઓળખાયેલ અને માર્ક–આઈ.૬ નેઈલ ઉપર રૂધિર, વિર્ય મળી શકેલ નહી હોવાનો રીપોર્ટ રજુ છે.

આ અંગે આંક–૪૭નો સીરોલોજી વિભાગનો રીપોર્ટ વંચાણે લેતાં નમુના નંબર એચ.૧ સલાઈવા અનિર્ણીત તેમજ એચ.૪, એચ.૫ માનવ જુથનું "એ" ગૃપનું રૂધિર તેમજ આઈ.૧, આઈ.૩, આઈ.૪ તથા આઈ. ૫ અનુક્રમે બ્લડ, સલાઈવા, સીમેન, બ્લડ જે "બી" ગૃપનું રૂધિર જુથ મળી આવેલ છે.

(૨૩)... ફરીયાદ પક્ષે રજુ થયેલ **એફ.એસ.એલ.નો** પુરાવો વંચાણે લેતાં આ કામે ભોગ બનનાર અને આરોપીના કપડાં ઉપર રૂધિર કે વિર્યની હાજરી મળી આવેલ નથી જેથી એફ.એસ.એલ.નો પુરાવો નજર સમક્ષ રાખતાં પણ તે પુરાવાથી આરોપીને ગુનાહીત કૃત્યમાં સંડોવણી હોવાનું અને તે અંગેનો સમર્થનકર્તા પુરાવો હોવાનું ફરીયાદ પક્ષે સાબિત થતું નથી અને એ રીતે એફ.એસ.એલ.ના પુરાવાથી પણ ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરી શકેલ નથી.

એ જ રીતે આ કામે ફરીયાદ પક્ષે ભોગ બનનારના કપડાં કબજે કર્યાનું તેમજ આરોપીના કપડા કબજે કર્યાનાં પંચનામા બચાવ પક્ષના વિ.વકીલશ્રીને આંકે પાડવા સામે વાંધો ન હોઈ અનુક્રમે આંક-૩૪ અને આંક-૩૫ થી રજુ થયેલ છે જે વંચાણે લેતાં પંચોની હાજરીમાં આંક-૩૪ થી ભોગ બનનારના કપડાં તેમજ આંક-૩૫ ના પંચનામાથી આરોપીના કપડાં રીકવર કરવામાં આવેલ છે પરંતુ આ કામે તે અંગેનો એફ. એસ. એલ. નો પુરાવો નજર સમક્ષ રાખીએ તો તે કપડાં ઉપર કોઈપણ જાતના ડાઘ કે નિશાન મળી આવેલ નથી કે જેના આધારે આરોપીની સદરહું ગુનામાં સંડોવણી સાબિત માની શકાય. એટલે કે સદરહું પંચનામાની હકીકત ધ્યાને લેતાં તે આરોપીને ગુનાહીત કૃત્યમાં દોષીત ઠરાવવા સારૂ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

(૨૪)... એ રીતે ઉપર મુજબ ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ મૌખિક પુરાવો ધ્યાને લેતાં આ કામે મહત્વના સાહેદ ભોગ બનનાર છે તેઓ પોતે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતોને કેટલાક અંશે સમર્થન આપે છે પરંતુ તેમની સરતપાસની હકીકત ધ્યાને લેવામાં આવે તો આ કામના આરોપી તેમને બળજબરીથી લલચાવી, ફોસલાવી ભગાડી લઈ ગયેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી ઉલટાનું આ કામના ભોગ બનનારની સરતપાસની હકીકત તેમજ ફરીયાદ હકીકત તેમજ ભોગ બનનારના માતા-પિતાનો પુરાવો નજર સમક્ષ રાખવામાં આવે તો એ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે કે, આ કામના આરોપી અને ભોગ બનનાર વચ્ચે મિત્રતાના સંબંધો હતા અને તે

કારણે ભોગ બનનાર પોતાની મરજીથી આ કામના આરોપી સાથે ફરવા માટે ગયેલ છે. આ કામે ભોગ બનનારે પોતાની સરતપાસમાં આરોપીએ તેમને અલગ અલગ જગ્યાએ લઈ જઈ તેમની મરજી વિરૂધ્ધ શારીરીક સંબંધ કરેલાની હકીકત જણાવેલ છે પરંતુ ત્યારબાદ બચાવ પક્ષની ઉલટ તપાસમાં આ તમામ હકીકતોને નકારી કાઢેલ છે અને સરતપાસમાં આરોપી વિરૂધ્ધ જે કોઈ હકીકત લખાવેલ છે તે જે તે સમયે તેઓ માનસીક અસ્વસ્થ હોઈ શરતચુકથી લખાવેલાનું અને આરોપીએ તેમની સાથે કોઈ બદકામ કરેલ નહી હોવાની હકીકત જણાવેલ છે તેમજ ઉલટ તપાસમાં એ હકીકત પણ સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે, તેઓ તેમની મરજીથી આરોપી તથા તેમના મિત્રો સાથે ફરવા ગયેલા અને આ સમય દરમ્યાન હરીફરીને પરત આવેલા અને તેમની મરજી વિરૂધ્ધ આરોપીએ તેમની સાથે કોઈ બદકામ કરેલ નથી. એટલે કે આ કામે ભોગ બનનારની ઉલટ તપાસની સદરહું હકીકતને ધ્યાને લેતાં આ કામના આરોપી ધ્વારા કોઈ ગુનાહીત કૃત્ય કરવામાં આવેલાની હકીકતને સમર્થન મળતું નથી. એટલે કે તેમના પુરાવાથી આરોપીની ગુનાહીત કૃત્યમાં સંડોવણી સાબિત માની શકાય તેવી હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં આ કામે ભોગ બનનાર પરત આવેલ છે ત્યારબાદ તાત્કાલીક કોઈ ફરીયાદ કરેલ નથી પરંતુ પાંચ છ દિવસ બાદ તેઓએ આ કામના આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલ છે તેમજ ત્યારબાદ તેમનું જયુડી. મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ ક્રિ. પ્રો. કોડની કલમ ૧૬૪ મુજબનું નિવેદન પણ લેવામાં આવેલ છે જે વંચાણે લેતાં તેમાં પણ આરોપીની ગુનાહીત કૃત્યમાં સંડોવણી સાબિત થાય તેવી કોઈ જ હકીકત લખાવેલ નથી જેથી આ કામે આરોપી ધ્વારા તેઓની સાથે

કોઈ બદકામ કરવામાં આવેલ હોય અથવા તો તેમની મરજી સિવાય તેમની સાથે કોઈ કૃત્ય કરવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકતને સમર્થન મળતું નથી જેથી આ કામે ભોગ બનનારના માતા પિતા કે જેઓએ કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં તેમને ભોગ બનનારે બનાવની હકીકત જણાવેલ તે મુજબ પુરાવો આપેલ હોય ત્યારે તે પુરાવાનું કોઈ મહત્વ રહેતું નથી કારણ કે આ કામે ખુદ ભોગ બનનારે તેમના પુરાવામાં આરોપીને ગુનામાં સાંકળી શકાય તેવો પુરાવો રજુ કરેલ નથી તેમજ તેમના પુરાવામાં સરતપાસ અને ઉલટ તપાસમાં મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે ભોગ બનનારના માતા–પિતા કે જેઓ હીયર–સે વીટનેશ હોઈ તેમના પુરાવાને પણ આધારભુત પુરાવો ગણી શકાય તેમ નથી.

(૨૫)... વધુમાં આ કામે તબીબી અધિકારીઓનો પુરાવો નજર સમક્ષ રાખતાં ભોગ બનનારે જણાવેલ હીસ્ટ્રીની હકીકતો જણાવેલ છે પરંતુ સ્ત્રી રોગના નિષ્ણાત તબીબી અધિકારીની ઉલટ તપાસની હકીકત ધ્યાને લેતાં દર્દીની તપાસ દરમ્યાન તેના શરીર ઉપર કોઈ બાહ્ય ઈજાઓ માલુમ પડેલ નહી કે ગુપ્ત ભાગે પણ કોઈ ઈજા જોવા મળેલ નહી તેમજ આરોપીના શરીરના બાહ્ય ભાગ તેમજ ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન જોવા મળેલ નહી તેવી હકીકત કબુલ કરેલ છે. વધુમાં જયારે ખુદ ભોગ બનનારના પુરાવામાં આરોપીની ગુનાહીત કૃત્યમાં સંડોવણી અંગે મહત્વનો વિરોધાભાસ ઉભો થયેલ હોય ત્યારે તબીબી અધિકારી રૂબરૂ ભોગ બનનારે જણાવેલ હીસ્ટ્રીનું કોઈ મહત્વ રહેતું નથી, કારણ કે તબીબી

અધિકારીશ્રીનો પુરાવો એ સમર્થનકર્તા પુરાવા તરીકે જોઈએ શકાય પરંતુ તે પુરાવાને જયારે ખુદ ભોગ બનનારની જુબાનીથી સમર્થન મળતું નહોય ત્યારે તેમના પુરાવાને ધ્યાને લઈ શકાય તેવા સંજોગો નથી. વળી આ કામે એફ.એસ.એલ. રીપોર્ટ ધ્યાને લેતાં પણ આરોપી વિરૂધ્ધ અનુમાન કરી શકાય તેવો પુરાવો નથી.

(૨૬)... એ જ રીતે તપાસ કરનાર અમલદારે જે તપાસ કરેલ તે મુજબની જુબાની આપેલ છે અને ફરીયાદ પક્ષના અન્ય સાહેદોની જુબાનીમાં આવેલ વિરોધાભાસ સાબિત કરવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ ઉપરોકત સાહેદ તે માત્ર પોલીસ સાહેદ છે અને તેઓને બનાવની કોઈ જાત માહીતી નથી તેઓએ માત્ર અને માત્ર ગુનો દાખલ થતાં તેની તપાસ કરેલ છે. પરંતુ કાયદાકીય જોગવાઈઓ તેમજ પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં પોલીસ નિવેદનની વિગત માત્ર સાહેદોની વિશ્વાસનીયતા ચકાસવા માટે થઈ શકે. આ નિવેદનોનો ઉપયોગ સમર્થનકર્તા પુરાવા તરીકે થઈ શકે નહી. સદર સાહેદની તપાસ દરમ્યાન જે હકીકતો ખુલવા પામેલ છે તે હકીકતો આધારે આરોપીને સજા કરી શકાય નહી કારણ કે તેમના પુરાવાને અન્ય સાહેદોના પુરાવાથી પણ સમર્થન મળવું જરૂરી છે પરંતુ આ કામે ખુદ ભોગ બનનારની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થન મળતું નથી.

આ કામે કાયદાકીય પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતાં બળજબરીથી શારીરીક સંભોગના કિસ્સામાં ભોગ બનનાર સિવાય અન્ય સમર્થનકર્તા પુરાવાની ગેરહાજરી હોય તો પણ જો ભોગ બનનારનો પુરાવો આધારભુત, વિશ્વાસપાત્ર અને માનવાલાયક હોય તો તેવા પુરાવાને

ફરીયાદ પક્ષના અન્ય પુરાવાના સમર્થનની જરૂર રહેતી નથી અને એવા એકમાત્ર પુરાવાને આધારે પણ આરોપીને દોષીત ઠરાવી શકાય પરંતુ આ કામે ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષે રજુ થયેલ ભોગ બનનારનો પુરાવો આધારભુત, વિશ્વાસ પાત્ર અને માનવાલાયક હોવાનું જણાઈ આવતું નથી અને તેમના પુરાવામાં વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે.

જેથી ફરીયાદ પક્ષના ઉપરોકત સમગ્ર પુરાવાનું ઝીણવટભર્યુ મુલ્યાંકન કરતાં આ કામના આરોપી વિરૂદ્ઘ આંક–૮ થી ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબ ઈ. પી. કો. કલમ ૩૭૬, ૩૪૨, ૩૨૩, ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ રહેલ છે તેમ ઠરાવી ઉપરોકત ચર્ચાને અંતે **મુદ્દા નં. ૧ મુજબ ભોગ બનનારની ઉંમર પુખ્ત વયની ગણી મુદ્દા નં. ૨ નો નિર્ણય નકારાત્મકમાં** આપી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ :: –

- આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૩૫(૧) અન્વયે ઈ. પી. કો. કલમ **૩૭૬,૩૪૨,૩૨૩,૫૦૬(૨)** મુજબના ગુનામાં પુરતા પુરાવાના અભાવે **દોષીત ન ઠરતાં છોડી મુકવાનો** હુકમ કરવામાં આવે છે.
- અપીલ સમય પુરો થયા બાદ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીએ ક્રિ. પ્રો. કોડની કલમ ૪૩૭ (એ) મુજબ રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ હજાર) પુરાના જામીન આપવા.
- જરૂરી યાદી કરવી.

ઉપરોકત હુકમ આજ રોજ તારીખ ૨૦મી માહે જુલાઈ, સને ૨૦૧૮ નારોજ ખુલ્લી અદાલત મધ્યે જાહેર કર્યા.

તારીખઃ–૨૦–૦૭–૨૦૧૮
સ્થળઃ– મહેસાણા.

**(દિવ્યેશકુમાર અમૃતલાલ જોષી)**
**સેશન્સ જજ, મહેસાણા.**
**Judge code–GJ00 907.**